# શ્રી સમવસરણ સાહિત્ય સંગ્રહ



સંપાદક : મુનિ ધર્મતિલકવિજય

# શ્રીસમવસરણ સાહિત્ય સંગ્રહ

**: નિમિત્ત :**

વાત્સલ્યવારિધિ વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ
આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજય નરચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના
૫૦ વર્ષીય નિર્મળ સંયમજીવનની અનુમોદનાર્થે

**: સંપાદક :**

સૂરિરામચન્દ્રચરણકિંકરમુનિશ્રીધર્મતિલકવિજય

**: પ્રકાશક :**

શ્રીસ્મૃતિમંદિર પ્રકાશન - અમદાવાદ.

सूरिमंत्र समाराधक ग्रंथ श्रेणि क्रमांक - ८

| | | |
|---|---|---|
| પુસ્તક | : | સમવસરણ સાહિત્ય સંગ્રહ |
| દિવ્યાશિષવર્ષા | : | પરમારાધ્યાપાદ સુવિશાલગચ્છાધિપતિ પરમગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** |
| નિમિત્ત | : | વાત્સલ્યવારિધિ વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્ **વિજયનરચંદ્રસૂરીશ્વરજી મ.સા.**ના ૫૦ વર્ષીય નિર્મળ સંયમજીવનની અનુમોદનાર્થે. |
| કૃપાદૃષ્ટિ | : | સુવિશાલગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ.સા.** પ્રસિદ્ધ પ્રવચનકાર. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મ.સા.** |
| પ્રકાશક | : | શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન - અમદાવાદ.<br>દિનેશભાઈ / રમેશભાઈ જૈન<br>૧૨, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, જૈન દેરાસર સામે,<br>શાંતિનગર, ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ. |
| તિથિ | : | ૨૦૬૩ મૌનએકાદશી - હળવદ |
| સદુપદેશ | : | વર્ધમાનતપોનિધિ પૂજ્યમુનિ શ્રી નયભદ્રવિજયજી મ.સા. |
| લાભાર્થી | : | શ્રીમનમોહનપાર્શ્વનાથ જૈનદેરાસર ટ્રસ્ટ જ્ઞાનનિધિ, પૂના |
| કિંમત | : | રૂા. ૨૦-૦૦ આ પુસ્તક વેચાણ માટે નથી.<br>**(આ પુસ્તક જ્ઞાન ખાતામાંથી છપાયેલ હોવાથી પૂ. સાધુ / સાધ્વીજી મ. તથા જ્ઞાનભંડારોને ભેટ. ગૃહસ્થોએ છાપેલ કિંમત જ્ઞાન ખાતે જમા કરી માલિકી કરવી વાંચન માટે યોગ્ય નકરો આપવો.** |
| પ્રાપ્તિસ્થાન | : | **રાજેશભાઇ જે. શાહ**<br>બી-૨૫, શક્તિકૃપા સોસાયટી, ડૉ. બ્રહ્મભટ્ટ હોસ્પીટલ પાછળ, અરૂણાચલ રોડ, સુભાનપુરા, વડોદરા. |

**દિપકભાઇ જી. શાહ**
કાપડના વહેપારી, દેપાળાવાડ સામે,
વઢવાણ સીટી (સૌ.)-૩૬૩ ૦૩૦.
પોસ્ટથી મંગાવનારે અહિયાથી મંગાવવું

**મયૂરભાઇ દવે**
મહારાષ્ટ્ર ભુવન જૈન જ્ઞાન ભંડાર,
પાલિતાણા-૩૬૪૨૭૦ (સૌરાષ્ટ્ર)

# પ્રસ્તાવના

॥ शिवमस्तु  सर्वजगतः ॥

॥ ऐँ नमः ॥

॥ श्री सद्‌गुरुभ्यो नमः ॥

જે સમવસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે
ધર્મના વચન વરસે સદા-પુષ્કરાવર્ત જિમ મેહ રે
ચેતન જ્ઞાન અજવાળીએ.

સમવસરણ માટે આગમોમાં જુદા-જુદા અર્થો કહ્યા છે શ્રી ઓઘનિર્યુક્તિકારભગવંતે-સમવસરણનો અર્થ 'સારી રીતે એક સ્થાને જવું તે સમવસરણ'એ કર્યો છે.

શ્રી ભગવતી સૂત્રની અંદર આવે છે કે જ્યાં કંઈક વિવિધ પ્રકારના પરિણામવાળા જીવોનું આવવું... આવાગમન તે સમોવસરણ

અથવા

અન્ય-અન્યથી ભિન્ન એવા ક્રિયાવાદિ આદિ મતોમાંનું કંઈક તુલનાપણું એટલે જ્યાં વિવિધ મતવળાં મળે તે સમવસરણ આ જનરલ

અર્થ કહ્યાં જ્યારે ભાવસમવસરણ એટલે ઔદાયિકાદિ ભાવોનું એક સ્થાને મેલાપ તે ભાવસમવસરણ.

ક્રિયાવાદી-અક્રિયાવાદી-અજ્ઞાનવાદી-વિનયવાદી આ ચારે મતવાદીઓના પોત પોતાના મતોનો જ્યાં આક્ષેપ કરીને વિક્ષેપ કરાય તે ભાવસમવસરણ.

સારા અને એકભાવથી એક ઠેકાણે જવું-મળવું તે દ્રવ્યસમવસરણ.

મનુષ્ય આદિ જીવો વસે છે તે સ્થાનને સમવસરણ કહેવાય અથવા જ્યાં ઉપદેશ અપાય તે ક્ષેત્રસમવસરણ.

મનુષ્ય આદિ જીવો જે કાળે જ્યાં વસે છે અથવા સારા એક-સરખા ભાવથી જે કાળે એક સ્થાને જવું-ભેગા થવું તે કાળસમવસરણ.

આપણે અહીં યૌગિક અર્થરૂપે પરમાત્મા જ્યાં બેસીને દેશના આપે તે સમવસરણ, એમ અર્થ સમજવાનો છે.

પરમકૃપાળુ પરમાત્માના પુણ્ય પ્રકર્ષથી ખેંચાઈને આવેલા અસંખ્ય જીવો દ્વારા ભક્તિવિશેષથી-પરમાત્માની ભક્તિરૂપે જ રચવામાં આવતા ગોળ કે ચોરસ સમવસરણમાં પરમાત્મા બિરાજીને ધર્મદેશના આપે છે.

પરમાત્માનું આત્મદળ અત્યંત નિર્મળ હોવાથી પરમાત્મા જ્યાં હોય ત્યાં આત્મસમદર્શિત્વ પરિણામને કારણે જાતિવૈરવાળા કે કોઈપણ પ્રાણીને ત્યાં નબળા કે હલકા ભાવ ન આવે.

જેવી રીતે લોકની આકૃતિ-વ્યવસ્થાને આપણા શરીર સાથે સરખાવવામાં આવે છે કે લોક કેવો છે? તો પગ પહોળા કરીને કેડ ઉપર હાથ રાખીને ઉભેલા માણસ જેવો છે તેવી રીતે સમવસરણ માટે આધ્યાત્મિક મતનાં મહાપુરુષો આ શરીર સાથે સમવસરણનો સમન્વય કરે છે.

શરીર એટલે પહેલો ગઢ. પહેલા ગઢમાં જેમ વાહન રહે છે તેવી રીતે આ શરીર એ આત્માનું વાહન છે.

બીજા ગઢમાં પશુ રહે છે તેમ મનમાં આવતાં નબળા વિકલ્પો એ પશુતુલ્ય છે.

ત્રીજા ગઢમાં દેવ-માનવ-સાધુ-સાધ્વીજી રહે છે તેમ મનમાં આવતા શુભ વિચારો રૂપ શુદ્ધ મન એ દિવ્યતા-માનવતા-સાધુતારૂપ છે અને તેથી જ આત્મા પ્રભુતાની નજીક પહોંચી શકે છે.

સમવસરણનું વર્ણન આ ગ્રંથમાં છે. તેમાં ત્રણગઢ, કાંગરા, અશોક-વૃક્ષ, ચૈત્યવૃક્ષ વગેરેનું વર્ણન છે. તેમ ૨૦,૦૦૦ પગથિયાનું (સોપાનશ્રેણિનું) વર્ણન છે.

પરમાત્માના અતિશયના કારણે જ દેવો પરમાત્માનાં ત્રણ પ્રતિબિંબની રચના પરમાત્મા જેવી જ કરે છે અને દરેક પરમાત્મા સમક્ષ રહેલી પર્ષદાને જાણે પરમાત્મા જ દેશના આપે છે તેવી અનુભૂતિ થાય છે.

તેવી રીતે ૨૦,૦૦૦ પગથિયા સહજ રીતે ચડવા તે પણ પરમાત્માનો પ્રભાવ છે આજે પણ આપણે શ્રી સિદ્ધગિરિરાજ ઉપર ૩૩૦૦થી વધુ પગથિયા છે, તે ચઢીએ છીએ. હાર્ટની તકલીફવાળી વ્યક્તિઓ પણ પરમાત્માના પ્રભાવે સરળતાથી દાદા પાસે પહોંચે છે તો સાક્ષાત્ પરમાત્માનો પ્રભાવ જ્યાં પ્રવર્તતો હોય ત્યાં આટલા પગથિયા ચડવા માટે કોઈ પ્રશ્ન જ નથી.

સમવસરણમાં કરોડો દેવતાઓ, માનવો, પશુઓ આવે અને બધાનો એમાં સમાવેશ થઈ જાય. કોઈને કાંઈ જ તકલીફ ન પડે. આજે પણ જિનાલયમાં પરમાત્માની પ્રતિષ્ઠાનો પ્રસંગ હોય ત્યાં ભાવિકોને સમાવવાની ૨૦૦ની કેપીસીટી હોય ત્યાં ૪૦૦-૫૦૦ ને સમાયેલા પણ આપણે અનુભવીએ છીએ.

શ્રી પરમાત્મા સહજતા પૂર્વક દેશના ફરમાવતા હોય ત્યારે દેવો એમાં સુર પૂરીને એ શબ્દો એક યોજન ઘેરાવાવાળા સમવસરણમાં બેઠેલી

પર્ષદામાં અને પશુ-પક્ષીઓ સુધી પહોંચાડે અને દરેક પોત પોતાની ભાષામાં સમજે છે અને પોતાને માટે જ કહેવાય છે તેવી અનુભૂતિ કરે છે.

શ્રી પરમાત્માનો સકલ જીવ પ્રત્યેનો સ્નેહપરિણામ પરાકાષ્ઠાએ પહોંચેલો હોવાથી બધા જીવો અત્યંત પ્રીતિ પૂર્વક ત્યાં રહે છે. આજે પણ કોઈ મૈત્ર્યાદિ ભાવોથી ભાવિત આત્માના અવગ્રહમાં આવે ત્યારે આવેલ પુણ્યાત્મા પરમ શાંતિનો અનુભવ કરે છે.

સમવસરણના દરેક સ્થાનોની રચના અભ્યંતર બોધ આપી જાય છે. આવા સમવસરણમાં પધારેલા શ્રી પરમાત્મા, અશોકવૃક્ષ અને મુખ્ય ચાર સિંહાસનોને પ્રદક્ષિણા આપી नमो तित्थस्स કહીને બિરાજે છે. દીક્ષા સમયે સામાયિક ઉચ્ચરતા પ્રભુજી भंते શબ્દ બોલતા નથી કારણ કે એમનાથી કોઈ મોટું નથી અને ત્યારબાદ પ્રભુને ચોથુ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

હવે જ્યારે પરમાત્માને કેવળજ્ઞાન થાય છે સમવસરણમાં પધારે છે ત્યારે તીર્થને નમસ્કાર કરે છે, એટલે ભંતે શબ્દનો ઉપયોગ ન કરનાર પ્રભુ જ્યારે પૂર્ણ બને છે, ત્યારે સર્વ જીવોને યાદ કરે છે.

પરમાત્માની દેશનાની વિશેષતા એ છે કે ષટ્ મહિનાની ભૂખ-તરસ સમે છે અને પ્રભુની વાણી સાકર-દ્રાક્ષથી પણ મીઠી લાગે છે.

સમવસરણનું ધ્યાન એ ઉચ્ચ કક્ષાના ધર્મ ધ્યાનનું અંગ છે. આપણા પૂર્વાચાર્ય ભગવંતોએ આપણને રાઈ પ્રતિક્રમણ પછી બે ચૈત્યવંદન કરવાનું ગોઠવી આપ્યું છે. એમાં પ્રથમ શ્રી સીમંધરસ્વામી ભગવાનનું ચૈત્યવંદન તેમાં શ્રી સીમંધરસ્વામી ભગવાન સમવસરણમાં બિરાજમાન છે તે રીતે કલ્પના કરીને ત્યાં સુધી પહોંચી દેશના સાંભળવાની પ્રક્રિયારૂપ સમવસરણનું ધ્યાન કરાય છે.

શ્રી સમવસરણ સાહિત્યસંગ્રહ નામના આ ગ્રંથમાં સમવસરણ વિષયક તમામ સાહિત્યને એકત્ર કરવાનું કામ અને સંપાદિત કરવાનું કામ

આચાર્ય શ્રીમદ્ વિજય નરચંદ્રસૂરિજી મહારાજના અંતેવાસી જ્ઞાન-સાધનામગ્ન, મુનિ શ્રી ધર્મતિલકવિજયજી એ કરેલું છે.

લોકપ્રકાશ, પ્રવચનસારોદ્ધાર, ત્રિષષ્ટિશલાકા ચરિત્ર આદિ વિવિધ ગ્રંથોમાંથી સમવસરણ સંબંધી લખાણ-ટીપ્પણ-પરિશિષ્ટમાં લઈને આ વિષયને લગતા ઘણા-ઘણા ખુલાસા કરી દીધા છે. જેથી એક જ ગ્રંથમાં ઘણું બધુ મલી રહે છે.

મુનિશ્રીએ કરેલી મહેનત સ્તુત્ય છે. આ ગ્રંથના વાંચન દ્વારા સમવસરણમાં બિરાજમાન શ્રી પરમાત્માની ભાવથી ભક્તિ કરી, કર્મનિર્જરા કરી પરમપદને પામનારા બનીએ.

પંન્યાસ શ્રી વજ્રસેનવિજય
ધ્રાંગધ્રા
ભાદરવા સુદ-૫
વિ. સં. ૨૦૬૨

# સંપાદકીય

॥ नमोऽस्तु तस्मै तव शासनाय ॥

અનંત ઉપકારી પરમ કરૂણાસાગર શ્રી તીર્થંકર પરમાત્માઓનું અનાદિકાળથી તથાભવ્યત્વ ઉચ્ચકક્ષાનું હોય છે. તેમનો આત્મા પણ અચરમાવર્તકાળમાં હોય છે. ત્યાં સુધી દુર્ભવી તરીકે વર્તતો હોય છે પાષાણ-ઘોલન્યાયે જ્યારે તેઓ ચરમાવર્તકાળમાં આવતા હોય છે ત્યારે તે વાસ્તવિક રીતે ધર્મને લાયક બને છે. તેમાંય જ્યારે મોક્ષકાળ નજીક હોય છે ત્યારે કોઈક નિમિત્ત વિશેષથી તેઓ સમ્યગ્દર્શનને પામે છે. તેઓના પ્રથમ સમ્યગ્દર્શનને વરબોધિ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જ તે તારકના ભવનો ગણના થાય છે. શ્રી વીરપરમાત્માની જેમ કોઈક જ શ્રી જિનેશ્વરનો આત્મા સમ્યગ્દર્શન પછી અસંખ્યકાળ સંસારમાં ભટકે, બાકી તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી ૩-૫-૭ ભવની અંદર તો મોક્ષે પધારી જતા હોય છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી પૂર્વના ત્રીજા ભવમાં **''સવિ જીવ કરું શાસનરસી''** ની ઉત્કૃષ્ટભાવના દ્વારા તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે અને શ્રી વીશસ્થાનકતપની આરાધના દ્વારા તેને નિકાચિત કરી પૂર્વબદ્ધ કર્માનુસારે સ્વર્ગે-નરકે જઈ અંતિમભવમાં રાજકુળમાં પધારે છે. બાલ્યાવસ્થા અતિક્રમી ભોગાવલી કર્મો ભોગવી અન્તે સંયમસામ્રાજ્યનો સ્વીકાર કરી. ઘાતીકર્મો ખપાવી કેવલજ્ઞાન-કેવલદર્શન પામે છે. ત્યારે ૬૪ ઈન્દ્રો આવે છે. અને અધિકાર મુજબ સમવસરણની રચના કરે છે. તે સમવસરણનો મહિમા વર્ણવતા પૂજ્યપાદ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્ર-સૂરીશ્વરજી મ.સા. અયોગવ્યવચ્છેદકદ્વાત્રિંશિકામાં કહ્યું છે કે

विमुक्तवैरव्यसनानुबन्धाः<br>
श्रयन्ति यां शाश्वतवैरिणोऽपि ।<br>
परैरगम्यां तव योगिनाथ !<br>
तां देशनाभूमिमुपाश्रयेऽहम् ॥ (ગા. ૨૪)

હે યોગિનાથ!

કેવી અદ્ભુત આપની દેશનાભૂમિ! કે જેમનું વૈરશાશ્વતુ હોય તેવા પણ જીવો વૈરની ટેવનો અનુંબધ છોડી દઈને જેનો આશ્રય કરે છે. તેવી અને એથી જ અન્ય દર્શનીઓની સમજ જ્યાં પહોંચી જ શકે તેમ નથી તેવી તે દેશનાભૂમિનો હું આશ્રય કરૂં છું.

તીર્થંકરનામકર્મના વેદન સ્વરૂપે ધર્મતીર્થની સ્થાપના કરે છે. જેના દ્વારા ભવ્યાત્માઓ કર્મ ખપાવી શાશ્વત સુખને પામે છે. શ્રી તીર્થંકર પ્રભુની દેશનાભૂમિ સ્વરૂપ સમવસરણની રચના અંગે વિવિધ શાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણન બતાવ્યું છે. તેમાં સમવસરણ સ્તવ સટીકાનુવાદ જોયો ત્યારે વિચાર આવેલ કે સમવસરણ વિષષક સાહિત્ય એક સાથે પ્રકાશિત થાય તો?

પૂજ્યપાદ વાત્સલ્યવારિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયનરચંદ્રસૂરીશ્વરજી મ.સા. પૂજ્યપાદ પ્રસિદ્ધ પ્રવચનકાર આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય શ્રેયાંસ-પ્રભસૂરીશ્વરજી મ.સા.ની કૃપાદષ્ટિ બળે અને પ્રાચીન સાહિત્ય સંશોધક પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્ વિજયમુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા શ્રુતનિધિ મુનિરાજ શ્રી શ્રુતતિલક વિજયજી મ.ના માર્ગદર્શન મુજબ આગળ વધતા આજે આ ગ્રંથ શ્રમણપ્રધાન શ્રી સંઘના કરકમલમાં શોભી રહ્યો છે તેમાં હું તો નિમિત્ત માત્ર છું બાકી પ્રુફ જોવા-છાયા બનાવી પરિશિષ્ટો તૈયાંર કરવાનું કામ તો શ્રુતનિધિ મુનિશ્રીએ કરેલ છે. આ ગ્રંથને પ્રકાશિત કરવા માટે પૂના શ્રી સંઘે જ્ઞાનનિધિમાંથી લાભ લીધેલ છે.

પ્રાન્તે આવા ગ્રંથના પઠન પાઠન દ્વારા શ્રી પરમાત્માનો વાસ્તવિક પરિચય પામી પ્રાન્તે પરમપદના ભોક્તા બનીયે. એજ શુભાભિલાષા.

શ્રી વાસુપૂજ્યસ્વામી પ્રાસાદ
જૈન ઉપાશ્રય. હળવદ (સૌ)
૨૦૬૩ કાર્તક વદ ૧૦
શ્રી મહાવીરસ્વામી
દીક્ષા કલ્યાણક દિન

પરમારાધ્યપાદ પરમતારક
ગુરુદેવ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી**
મહારાજાનો વિનેયાણુ
**મુ. ધર્મતિલક વિજય.**

## "भवदीयं भवद्भ्यः समर्पयामि"

સૂરિપ્રેમનાપ્રથમ પટ્ટાલંકાર સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** વિનેયરત્ન કલિકાલનાધન્નાઅણગાર સચ્ચારિત્રપાત્ર સ્વ. પૂજ્યપાદ પંન્યાસપ્રવર **શ્રી કાંતિવિજયજી** ગણિવરના સુવિનીતપટ્ટધરરત્ન વાત્સલ્યવારિધિ વર્ધમાનતપોનિધિ આશ્રિતગણ-હિતચિંતક પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ **વિજય નરચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

આપના પુણ્યપસાયે જ્ઞાનયોગમાં યત્કિંચત્ પ્રગતિ સાધી શક્યો છું તેના જ ફળ સ્વરૂપે આજે આ સંપાદિત **સમવસરણ સાહિત્ય સંગ્રહ ગ્રંથ** આપના ૫૦ વર્ષીય નિર્મળ સંયમજીવનની અનુમોદનાર્થે આપનું આપના કરકમલમાં સમર્પિત કરતાં ધન્યતા અનુભવું છે.

- મુનિ ધર્મતિલકવિજય

॥ નમોનમઃ શ્રી ગુરુરામચન્દ્રસૂરયે ॥

# "ઉદારતા ભર્યો સહકાર"

સૂરિપ્રેમનાપ્રથમપટ્ટાલંકાર સુવિશાલગચ્છાધિપતિ મહારાષ્ટ્રદેશોદ્ધારક સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના તથા તેઓશ્રીના પટ્ટાલંકાર વાત્સલ્યમહોદધિ સુવિશાલગચ્છાધિપતિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજય મહોદયસૂરીશ્વરજી** મહારાજાના અનંત ઉપકારોની સ્મૃતિમાં

અજાતશત્રુ નમસ્કારમહામંત્રસમારાધક અધ્યાત્મયોગી સ્વ. પૂજ્યપાદપંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના પટ્ટધરરત્ન હાલારના હિરલા પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ **વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન વર્ધમાનતપોનિધિ પૂજ્યમુનિપ્રવરશ્રી **નયભદ્રવિજયજી મ.સા.**ના સદુપદેશથી

**શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ**
પ્લોટ નં. ૨૬૭/૨, જવાહરલાલ નહેરુ માર્ગ,
ટીંબર માર્કેટ, પુનાએ

આ **સમવસરણ સાહિત્ય સંગ્રહ** ગ્રંથ તેમના જ્ઞાનનિધિમાંથી પ્રકાશિત કર્યો છે.

શ્રી સ્મૃતિ મંદિર પ્રકાશન,
અમદાવાદ


## અનુક્રમણિકા


| | નામ | કર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | સમવસરણ સ્તવ સ્વોપજ્ઞ | પૂ.આ.શ્રી ધર્મઘોષસૂરિમ.સા. | ૧ |
| ૨. | સમવસરણ સ્તોત્ર. | પૂર્વાચાર્ય | ૧૯ |
| ૩. | સમવસરણ રચના કલ્પ | પૂ.આ.શ્રી જિનપ્રભસૂરિમ.સા. | ૨૨ |
| ૪. | સમવસરણ સ્તવન - ૧ | ઉપા. ધર્મવર્ધનગણિ | ૨૯ |
| ૫. | સમવસરણ સ્તવન - ૨ | પૂ. જસવિજય શિષ્ય. | ૩૧ |
| ૬. | પરિશિષ્ટ-૧ ૨૪ પ્રભુના સમવસરણનું પ્રમાણ | | ૩૩ |
| ૭. | પરિશિષ્ટ-૨ સમવસરણનો સ્થિતિકાળ | | ૩૩ |
| ૮. | પરિશિષ્ટ-૩ સમવસરણમાં પુષ્પવૃષ્ટિ | | ૩૩ |
| ૯. | પરિશિષ્ટ-૪ બાર પર્ષદા ચિત્ર | | ૩૪ |
| ૧૦. | પરિશિષ્ટ-૫ ૨૪ પ્રભુના ચૈત્યવૃક્ષો અને તેનું પ્રમાણ | | ૩૫ |
| ૧૧. | પરિશિષ્ટ-૬ ૩૬૩ પાંખડીઓનું સ્વરૂપ | | ૩૬ |
| ૧૨. | પરિશિષ્ટ-૭ અન્યગ્રંથ નિર્દેશ | | ૩૭ |
| ૧૩. | પૂ. આ.ભ.શ્રી ધર્મઘોષસૂરિજી મ.સા. | | ૩૯ |



ચાર મુખે દિયે દેશના...

ત્રણ ગઢ ઝાક ઝમાલ... - સમવસરણ




કનક કમલ નવ ઉપરે...

વિચરે પાય ઠવંત... - વિહાર

॥ ॐ ह्रीं अर्हम् ॥

# श्रीसमवसरणस्तवः ।

॥ॐ॥

**थुणिमो केवलिवत्थं, वरविज्जाणंदधम्मकित्तिऽत्थं ।**
**देविंदनयपयत्थं, तित्थयरं समवसरणत्थं ॥१॥**

स्तुमःकेवल्यवस्थं वरविद्यानन्दधर्मकीर्त्त्यर्थम् ।
देवेन्द्रनतपदस्थं तीर्थकरं समवसरणस्थम् ॥१॥

अवचूरिः—वयं 'थुणिमो' स्तुमः । कम् ? तीर्थङ्करं, केवलिनोऽवस्था यस्य स केवल्यवस्थस्तम् । वराः प्रधाना विद्यानन्दधर्मकीर्त्तिरूपा अर्था यस्य स वरविद्यानन्दधर्मकीर्त्त्यर्थस्तम् । अथवा किमर्थं स्तुमः ? वरविद्यानन्दधर्मकीर्त्त्यर्थम् । पुनः कथंभूतं ? 'देवेन्द्रैर्नतं यत्पदं तीर्थङ्करपदवीरूपं तत्र तिष्ठतीति देवेन्द्रनतपदस्थस्तम् । समवसरणे तिष्ठतीति समवसरणस्थस्तम् । अथवा समवसरणे आस्था स्थितिर्यस्य स समवसरणस्थस्तं तथा ॥१॥

અર્થઃ- કેવલી અવસ્થાવાળા=કેવળજ્ઞાન પામેલા, પ્રધાન છે વિદ્યા, આનંદ, ધર્મ અને કીર્તિરૂપ અર્થ જેના એવા, દેવેન્દ્રોએ નમસ્કાર કરેલી તીર્થંકરની પદવીને વિષે રહેલા અને સમવસરણમાં બિરાજતા એવા શ્રીતીર્થંકરની અમે સ્તુતિ કરીએ છીએ. ૧

---

१ 'विद्यानन्द' इति पदेन स्वकीयस्य ज्येष्ठगुरुभ्रातुर्विद्यानन्दसूरेर्नामाऽपि ध्वनितम् । २ 'धर्म्मकीर्त्ति' इति पदेन उपाध्यायावस्थास्थितस्यात्मनो नामाऽपि सङ्केतितम् । अस्याचार्यपदस्थस्य तु 'धर्मघोषसूरिः' इति नामा स्तवस्यास्य विरचयिता । ३ 'देवेन्द्र' इति पदेन स्वकीयगुरोः श्रीमत्तपोगणगगनाङ्गणनभोमणिश्रीमद्देवेन्द्रसूरेर्नामाऽपि सूचितम् ॥

**पयडिअसमत्थभावो, केवलिभावो जिणाण जत्थ भवे ।**
**सोहंति सव्वओ तहिं, महिमाजोयणमनिलकुमरा ॥२॥**

**प्रकटितसमस्तभावः केवलिभावो जिनानां यत्र भवेद् ।**
**शोधयन्ति सर्वतस्तस्मिन् महीयामायोजनमनिलकुमाराः ॥२॥**

अवचूरिः—प्रकटिताः समस्ता भावास्त्रिभुवनान्तर्वर्त्तिनः स्तम्भकुम्भोरुहादिपदार्था येन स तथा, केवलिभावः केवलित्वं, जिनानां, यत्र स्थाने भवेत्, तस्मिन् स्थाने, शोधयन्ति, सर्वतः महीं पृथिवीम् आयोजनं योजनमभिव्याप्य, 'अनिलकुमरा' वायुकुमाराः ॥२॥

અર્થઃ- જેણે સમગ્ર પદાર્થોને પ્રગટ કર્યા છે એવું કેવલીપણું જિનેશ્વરને જે સ્થળે ઉત્પન્ન થાય છે, તે સ્થાને પ્રથમ ચોતરફથી એક યોજન પ્રમાણ પૃથ્વીને વાયુકુમાર દેવો શુદ્ધ કરે છે. ૨

**वरिसंति मेहकुमरा, सुरहिजलं उउसुरा कुसुमपसरं ।**
**विरयंति वणा मणिकणग,-रयणचित्तं महिअलं तो ॥३॥**

**वर्षन्ति मेघकुमाराः सुरभिजलं ऋतुसुराः कुसुमप्रसरम् ।**
**विरचयन्ति वानमन्तरा मणिकनक-रत्नचित्तं महीतलं ततः ॥३॥**

अवचूरिः—मेघकुमारास्तत्र सुरभिजलं वर्षन्ति, 'उउसुरा' इति ऋतुसुराः षण्णां ऋतूनामाधिष्ठातारः सुराः व्यन्तरा इत्यर्थः, कुसुमप्रसरं वर्षन्ति अधोमुखवृन्तान् पुष्पप्रकरान् कुर्वन्तीत्यर्थः, ततो 'वणा' इति वानमन्तराः, मणयश्चन्द्रकान्ताद्याः, इन्द्रनीलादीनि रत्नानि, अयं भावः—[१] मणिकनकरत्नैश्चित्रं महीतलं रचयन्ति पीठबन्धं कुर्वन्तीत्यर्थः ॥३॥

અર્થઃ- પછી તે સ્થાને મેઘકુમાર દેવો સુગંધી જળની વૃષ્ટિ કરે છે, દેવો (વ્યંતરો) છએ ઋતુના નીચા ડીંટવાળા પુષ્પોના સમૂહની વૃષ્ટિ કરે છે, ત્યારપછી વાણવ્યંતર દેવો મણિ, સુવર્ણ અને રત્નવડે વિચિત્ર પૃથ્વીતળ બાંધે છે એટલે એક યોજન પ્રમાણ પૃથ્વી પર પીઠબંધ કરે છે. ૩

---

१. महीतलं पीठबन्धरूपं कुर्वन्ति । मणिभिः कनकै रत्नैश्च विचित्रं, मणयः पञ्चवर्णा रत्नानि सामान्येन रक्तानीति प्रत्यन्तरे ।

अब्भिंतर मज्झ बहिं तिवप्प, मणि-रयण-कणय-कविसीसा।
रयणज्जुंणरुप्पमया, वेमाणिअजोइभवणकया ॥४॥

अभ्यन्तर-मध्य बहिस्त्रिवप्रो मणि-रत्न-कनक-कपिशीर्षकः ।
रत्नार्जुनरूप्यमयो वैमानिकज्योतिर्भवनकृतः ॥४॥

अवचूरिः—अयं भावः—अभ्यन्तरो वप्रो वैमानिककृतो रत्नमयो मणिकपिशीर्षकः ।१। मध्यमः प्राकारो ज्योतिष्ककृतोऽर्जुनसञ्ज्ञसुवर्णमयो रत्नकपिशीर्षकः ।२। बर्हिवप्रो भवनपतिकृतो रूप्यमयः कनककपिशीर्षकः ।। ३-४ ।।

અર્થ:- પછી ત્યાં અનુક્રમે વૈમાનિક દેવ, જ્યોતિષી દેવ અને ભવનપતિદેવ અંદરનો, મધ્યનો અને બહારનો એમ રત્નમય, સુવર્ણમય અને રૂપ્યમય તથા મણિ, રત્ન અને સુવર્ણના કાંગરાવાળા ત્રણ ગઢ બનાવે છે એટલે કે વૈમાનિક દેવો મણિના કાંગરાવાળો રત્નમય અંદરનો ગઢ બનાવે છે.

वट्टंमि दुतीसंगुल, तितीसधणुपिहुल पणसयधणुच्चा ।
छद्धणुसयइगकोसं-तरा य रयणमयचउदारा ॥५॥

वृत्ते द्वात्रिंशदङ्गुल-त्रयत्रिंशद्धनुः पृथुलपञ्चाशतधनु रुच्चैः ।
(त्रयत्रिंशद्धनुर्द्वात्रिंद्)
षट्शतधनुरेकक्रोशान्तशणि च रत्नमयद्वाराणि ॥५॥
(एकक्रोश षट्शत)

अवचूरिः—अथ समवसरणं द्विधा स्यात् । वृत्तं चतुरस्त्रं वा । तत्र वृत्ते समवसरणे वप्रत्रयभित्तयः प्रत्येकं त्रयत्रिंशद् (३३) धनुर्द्वात्रिंश-(३२)दङ्गुलपृथुला भवन्ति । तथा त्रयाणामपि वप्राणामन्तराणि उभयपार्श्वान्तरमिलनेन एकक्रोश (१) षट्शत(६००)धनुः प्रमाणानि भवन्ति । अत्र च चतुर्विंशत्याऽङ्गुलैर्हस्तो ज्ञेयः । चतुर्भिहस्तैर्धनुः । धनुः सहस्त्रद्वयेन क्रोशः । क्रोशैश्चतुर्भिस्तु योजनम् । तथा बर्हिवर्त्तीनि सोपानानि दशसहस्त्र (१००००) मितानि योजनमध्ये न गण्यन्ते । ततः प्रथमवप्रादग्रे पञ्चाशद् (५०) धनुः प्रतरः। ततोऽग्रे पञ्चसहस्त्र(५०००)सोपानानि तेषां च हस्तमानत्वाच्चतुर्भिर्भागे लब्धानि पञ्चाशदधिकानि द्वादशशतानि

( १२५० ) धनूंषि । ततो द्वितीयवप्रात् पञ्चाश( ५० )द्धनुः प्रतरः, ततः पुनः पञ्चसहस्त्र( ५००० )सोपानानां पञ्चाशदधिकानि द्वादशशतानि धनूंषि भवन्ति। ततस्तृतीयो वप्रः ततः त्रयोदशशतानि ( १३०० ) धनूंषि गत्वा पीठमध्यम् । अथ तिस्त्रोऽपि वप्रभित्तयः प्रत्येकं त्रयस्त्रिंशद् ( ३३ ) धनुरेक ( १ ) हस्ताऽष्टाङ्गुल( ८ )पृथुला भवन्ति । तत्र सर्वेषां धनुषां मिलने नवनवत्यधिकानि एकोनचत्वारिंशच्छतानि ( ३९९९ ) धनूंषि जातानि तथा शेषाणि द्वात्रिंशदङ्गुलानि त्रिगुणीक्रियन्ते भित्तित्रयभावात्, षण्णवत्य ( ९६ ) ङ्गुलानि जातानि। षण्णवत्याऽङ्गुलैश्चैकं धनुर्भवति, हस्तचतुष्टयमितत्वाद्धनुषः। एवं चत्वारि सहस्त्राणि ( ४००० ) धनुषां जातानि । इत्थमेकस्मिन् पार्श्वे कोशद्वयमेवं द्वितीयेऽपि कोशद्वयमिति मिलितं वृत्तसमवसरणे योजनम् ।।५।।

અર્થઃ- તેમાં વૃત્ત-ગોળ સમવસરણને વિષે ત્રણે ગઢની ભીંતો તેત્રીશ ધનુષ અને બત્રીશ આંગળ જાડી હોય છે, અને પાંચસો ધનુષ ઉંચી હોય છે, તે દરેક ગઢની વચ્ચે છસો ધનુષ અને એક કોશનું આંતરૂં હોય છે, તથા તે ગઢને રત્નમય ચાર ચાર દ્વાર હોય છે.

વિશેષાર્થઃ– દેવતાઓ જે સમવસરણ રચે છે, તે બે પ્રકારના હોય છે. ગોળ અને ચોરસ. તેમાં ગોળ સમવસરણ આ પ્રમાણે હોય છેઃ- ત્રણે ગઢની ભીંતો દરેક તેત્રીશ ધનુષ અને બત્રીશ [1] આંગળ પહોળી હોય છે. તેથી ત્રણે ગઢની ભીંતોનું પ્રમાણ એકત્ર કરવાથી સો ધનુષ થાય છે. સૌથી બહાર પ્રથમ દશ હજાર પગથીયાં ચડીએ ત્યારે પહેલો ગઢ આવે છે, તે પગથીયાં ગઢની બહાર હોવાથી સમવસરણનું પ્રમાણ જે એક યોજનનું છે, તેમાં ગણાતાં નથી. હવે પહેલા ગઢથી પચાસ ધનુષનો પ્રતર છે એટલે કે પચાસ ધનુષ સીધી સપાટ ભૂમિ જઈએ ત્યારે એક એક હાથ પ્રમાણ પહોળાઈ ને ઉંચાઈવાળા પાંચ હજાર પગથીયાં આવે છે, તેથી પ્રતર અને પગથીયાં મળી પહેલા અને બીજા ગઢની વચ્ચેનું અંતર તેરસૌ ધનુષનું થાય છે. એજ રીતે બીજા અને પહેલા ગઢની [2] અંદર તેરસો ધનુષ જઈએ

---

૧. અહીં ચોવીશ આંગળનો એક હાથ, ચાર હાથનો એક ધનુષ, બે હજાર ધનુષનો એક કોશ, અને ચાર કોશે એક યોજન એ પ્રમાણે ગણતરી કરવી.

૨. અહીં માત્ર પ્રતર એટલે સપાટ ભૂમિ જ હોય છે.

ત્યારે પીઠનો મધ્ય ભાગ એટલે આખા સમવસરણનું મધ્યબિંદુ આવે છે. તેથી ત્રણ વાર તેરસો મળી ઓગળચાલીશ સો અને તેમાં ત્રણે ભીંતોના સો ધનુષ નાંખીએ ત્યારે ચાર હજાર ધનુષ થાય છે તેટલું મધ્યબિંદુથી છેડા સુધીનું પ્રમાણ લેતાં કુલ આઠ હજાર ધનુષ એટલે પરિપૂર્ણ એક યોજનનું સમવસરણ થાય છે.

**चउरंसे इगधणुसय-पिहुवप्पा [1]सड्ढकोसअंतरिया ।**
**पढमबिआ बिअतइआ, [2]कोसंतरपुव्वमिव सेसं ॥६॥**

**चतुरस्रे एकधनुः शत पृथुवप्राः सार्द्धक्रोशान्तरम् ।**
**प्रथम द्वितीययो र्द्वितीयतृतीययोः क्रोशान्तर पूर्वमिव शेषम् ॥६॥**

अवचूरिः—चतुरस्रे समवसरणे वप्रत्रयभित्तयः प्रत्येकं शतधनुः पृथुला ज्ञेयाः तथा 'सड्ढ त्ति' प्रथमाद्वितीयवप्रयोरन्तरमुभयपार्श्वमिलनेन सार्द्धक्रोशः। 'बिअतइय त्ति' द्वितीयतृतीययोश्चान्तरमुभयपार्श्वमिलनेन क्रोशः । 'पुव्वमिव सेसं ति' शेषं मध्यभित्त्योरन्तरमेक ( १ ) क्रोशषट्शत( ६०० )धनुःप्रमाणं पूर्ववद् वृत्तसमवसरणवद् ज्ञेयम् । अथात्रापि एकपार्श्वे योजनार्द्धं मिल्यते। तद्यथा—चतुरस्रे बाह्यवप्रभित्तिर्योजनमध्ये न गण्यते । ततश्च बाह्यवप्रमध्यवप्रयोरन्तरं दश शतानि ( १००० ) धनूंषि । द्वितीयवप्रभित्तिः शत-( १०० ) धनूंषि । अभ्यन्तरवप्रमध्यवप्रयोरन्तरं पञ्चदशशत( १५०० ) धनुर्मानम् । अभ्यन्तरवप्रभित्तिः शत( १०० )धर्नुमानम् । अभ्यन्तरवप्रात् त्रयोदशशतानि ( १३०० ) धनूंषि गत्वा पीठमध्यम्, एवं एतन्मिलने चतुस्सहस्राणि धनूंषि जातानि । तथा च क्रोशद्वयं भवति । एवं यथैकत्र पार्श्वे क्रोशद्वयं भवति तथा द्वितीयेऽपि । एवं चतुरस्रसमवसरणेऽपि योजनं मिलति स्म ॥६॥

અર્થઃ- ચોરસ સમવસરણમાં દરેક વપ્ર[1] એક સો ધનુષ પહોળા છે, પહેલા અને બીજા વપ્રની વચ્ચે (બંને બાજુઓ થઈને) દોઢ કોશનું આંતરું છે, તથા બીજા અને ત્રીજા વપ્રની વચ્ચે (બન્ને બાજુ મળીને) એક કોશનું

---

१. धनुः शतानि पञ्चदशान्तरमभ्यन्तरमध्ययोर्द्विगुणं चैतावदेवेति सामान्येन विरहय्य मध्यम् ।

२. अन्तरं धनुःशतानि दशेति क्रोशमानतेति विरहय्य मध्यं ज्ञेयमिदम् ।

૧. વપ્ર એટલે કિલ્લો સમજવો.

આંતરું છે, અને શેષ એટલે અંદરના ત્રીજા વપ્રની મધ્ય ભૂમિ બન્ને ભીંત સુધી પૂર્વની જેમ એટલે વૃત્ત સમવસરણની જેમ એક કોશ અને છ સો ધનુષ છે (અહીં બહારના પહેલા વપ્રની ભીંત ગણતરીમાં લેવાની નથી. તેથી બે વપ્રની સામસામી ભીંતો ચાર હોવાથી ચારસો ધનુષ થાય છે.)

વિશેષાર્થઃ– અર્થમાં કહ્યા પ્રમાણે ચાર ભીંતોના ચાર સો ધનુષ પહેલા અને બીજા વપ્ર વચ્ચે દોઢ કોશ, બીજા અને ત્રીજા વપ્ર વચ્ચેનો એક કોશ, તથા ત્રીજા વપ્રની વચ્ચેનો એક કોશ અને છસો ધનુષ, આ સર્વ એકત્ર કરવાથી એક યોજન પૂર્ણ થાય છે. હવે અહીં વૃત્ત સમવસરણની જેમ એક તરફનું અર્ધ યોજનનું પ્રમાણ આ પ્રમાણે મળે છે-બહારના પહેલા વપ્રની ભીંત ગણતરીમાં નહીં હોવાથી પહેલા અને બીજા વપ્રની વચ્ચે પંદરસો ધનુષનું આંતરું છે, તેમાં પગથીઆં ૬૦૦૦ સમજવા. પ્રતર સમજવું નહીં. પછી બીજા વપ્રની ભીંત સો ધનુષ જાડી છે, પછી બીજા અને ત્રીજા વપ્રની વચ્ચે એક હજાર ધનુષનું આંતરું છે, તેમાં ચાર હજાર પગથીઆ સમજવા. પ્રતર સમજવું નહીં. પછી ત્રીજા વપ્રની ભીંત સો ધનુષ જાડી છે, પછી ત્રીજા વપ્રથી પીઠના મધ્ય ભાગ સુધી તેરસો ધનુષ છે. આ સર્વ એકત્ર કરવાથી ચાર હજાર ધનુષ એટલે અર્ધ યોજન થાય છે. તેટલું બીજી બાજુ હોવાથી પૂર્ણ યોજન થાય છે. ૬

**सोवाणसहसदस कर-पिहुच्च गंतुं भुवो पढमवप्पो ।**
**तो पन्नाधणुपयरो, तओ अ सोवाण पणसहसा ॥७॥**

**सोपानसहस्रदशकरपृथुलानि गत्वा भुवः प्रथमवप्रः ।**
**तत पञ्चाशद्धनुः प्रतरस्ततश्च सोपानपञ्चसहस्रः ॥७॥**

अवचूरिः—सोपानानि दश सहस्राणि करपृथुलानि उच्चानि च हस्तमात्रपृथुलोच्चानीत्यर्थः । 'भुवो' भूमितो गत्वा प्रथमो वप्रः । ततः पञ्चाशद् (५०) धनूंषि प्रतरो रमणभूमिः समा भूमिरित्यर्थः । शेषं सुगमम् ॥७॥

અર્થઃ– પ્રથમ પૃથ્વીપરથી એક એક હાથ ઉંચા ને પહોળા દશ હજાર પગથીયાં ચડીએ ત્યારે પહેલો વપ્ર આવે છે. તે પહેલા વપ્રથી પચાસ

ધનુષનો પ્રતર એટલે સરખો ભૂમિભાગ આવે છે, ત્યાર પછી એક એક હાથ ઉંચા પાંચ હજાર પગથીયાં આવે છે. ૭

(પગથીઆની લંબાઈ કહેલી ન હોવાથી જાણવામાં આવી નથી.)

**तो बियवप्पो पन्न( न्ना )-धणु पयर सोवाण सहसपण तत्तो ।**

**तइओ वप्पो छस्सय-धणुइगकोसेहिंतो पीढं ॥८॥**

ततो द्वितीयवप्रः पञ्चधनुः प्रतर सोपान सहस्रपञ्च ततः ।

तृतीयो वप्रः षड्शतधनुरेकक्रोशात् पीठम् ॥८॥

( षड्धनुः शतेनाधिकैककोशेन )

अवचूरिः— ततो द्वितीयो वप्रस्तस्य चान्तःषड्धनुःशतेनाधिकैकक्रोशेन प्रमितमिति गम्यम्। एक ( १ ) क्रोशषट्शत ( ६०० ) धनुःप्रमाणमित्यर्थः। पीठं समा भूमिरस्ति ॥८॥

અર્થઃ– ત્યારપછી બીજો વપ્ર આવે છે, ત્યારપછી પચાસ ધનુષનો પ્રતર આવે છે, ત્યારપછી એક એક હાથ ઉંચા પાંચ હજાર પગથીયાં આવે છે, ત્યાર પછી ત્રીજો વપ્ર આવે છે, તે ત્રીજા વપ્રનો મધ્ય ભાગ એક કોશ ને છ સો ધનુષ પ્રમાણ છે. ૮

(આ પગથીઆને પ્રતરનું પ્રમાણ ગોળ સમવસરણ માટે સમજવું.)

**चउदार तिसोवाणं, मज्झे मणिपीढयं जिणतणुच्चं ।**

**दोधणुसय पिहु दीहं, सड्ढदुकोसेहिँ धरणिअला ।। ९ ।।**

चतुर्द्वारं त्रिसोपानं मध्ये मणिपीठकं जिनतनूच्चम् ।

द्विशतधनुः पृथु दीर्घं सार्द्धद्विक्रोशै र्धरणितलात् ॥९॥

( सार्द्धक्रोशद्वयेन )

अवचूरिः-चतुर्द्वारं त्रिसोपानं सोपानत्रयान्वितम् । समवसरणस्य मध्ये मणिमयं पीठं जिनदेहपरिमाणेनोच्चं द्विशत( २०० )धनूंषि पृथुलं दीर्घं च; तच्च धरणितलात् सार्द्धक्रोशद्वयेन भवति ।। ९ ।।

અર્થઃ– દરેક વપ્રે ચાર ચાર દ્વાર છે, તે દરેક દ્વારને ત્રણ ત્રણ

પગથીયાં છે. હવે તે સમવસરણની મધ્ય પીઠિકા જિનેશ્વરના શરીર જેટલી ઉંચી અને બસો ધનુષ લાંબી પહોળી (ચોરસ) હોય છે, તે પીઠિકા પૃથ્વીતળથી અઢી કોશ ઉંચે જઈએ ત્યારે આવે છે. ૯

(કુલ વીશ હજાર પગથીઆના પાંચ હજાર ધનુષ અને તેના અઢી કોશ થાય છે.)

**जिणतणुबारगुणुच्चो, समहिअ जोअणपिहू असोगतरू ।**
**तयहो य देवछंदो, चउसीहासणपायपीढा ॥१०॥**

**जिनतनुद्वारदशगुणोच्चः समाधिकयोजनपृथु अशोकतरुः ।**
**तदधश्च देवछन्दश्चतुर्सिंहासनपादपीठः ॥ १०॥**

अवचूरिः— तिन्नेव गाऊआइं, चेईअरुक्खो जिणस्स पढमस्स ।
सेसाण बारसगुणो, वीरे बत्तीस य धणूणि ॥१॥

वीराद् द्वादशगुण एकविंशतिधनुःप्रमाणो ( २१ ) भवति केवलोऽशोकस्तदुपरि शालवृक्ष एकादश( ११ )धनूंषि । एवमुभयोर्मिलने द्वात्रिंशद्धनूंषि ( ३२ ) चैत्यद्रुमो भवति, वीरस्येति सम्प्रदायः अत्र शालश्च श्रीवीरस्वामिनोऽभूत् । अन्येषां तीर्थकृतां न्यग्रोधादयः। उक्तं च समवायाङ्गे—
''चउवीसाए तित्थयराणं चउवीसं चेइअरुक्खा हुत्था । तं जहा-

१ निग्गोह २ सत्तवन्ने, ३ साले ४ पिअए ५ पिअंगु ६ छन्नाहे ।
७ सरसे अ ८ नागरुक्खे, ९ माली अ १० पिअंखुरुक्खे अ ॥१॥

११ तंदुग १२ पाडल १३ जंबू, १४ आसत्थे खलु तहेव १५ दधिवत्तो।
१६ नंदीरुक्खो १७ तिलओ, १८ अवंगरुक्खो १९ असोगो अ ॥२॥

२० चंपय २१ बउलो अ तहा, २२ वेडसरुक्खो तहेव २३ धवरुक्खो।
२४ सालो अ वद्धमाणस्स, चेइअरुक्खा जिणवराणं ॥३॥'' [ सूत्र-१५७ ]

बत्तीसं धणुयाइं, चेइअरुक्खो अ वद्धमाणस्स ।
निच्चोउगो असोगो, उच्छन्नो सालरुक्खेणं ॥१॥

सच्छत्ता सपडागा, सवेइया तोरणेहिं उववेआ ।
सुरअसुरगरुलमहिया, चेइअरुक्खा जिणवराणं ॥२॥

इदं प्रवचनसारोद्धारे सविस्तरमभिहितमस्ति [ द्वार३९ ] । नित्यमृतुरेव पुष्पादि-कालो यस्येति नित्यर्तुकः । अवच्छन्न( न्नः ) सालवृक्षेणेति वचनादशो-कोपरि शालवृक्षोऽपि कथञ्चिदस्तीति ज्ञायत इति[1] । तथाऽशोक-वृक्षस्याधस्ताद्देवच्छन्दके चत्वारि सिंहासनानि सपादपीठानि ॥१०॥

અર્થઃ– જિનેશ્વરના શરીરથી બાર ગુણો ઊંચો અને એક યોજનથી કાંઈક અધિક પહોળો (વિસ્તારવાળો) અશોક વૃક્ષ હોય છે. તેની નીચે દેવચ્છંદક હોય છે. તેની પર પાદપીઠ સહિત ચાર સિંહાસન હોય છે.૧૦.

(આ અશોકવૃક્ષ શ્રી ઋષભદેવનું ત્રણ ગાઉ ઉંચું હોય છે બીજા ૨૨ પ્રભુનું પણ તેજ પ્રમાણે તેમના શરીરથી બાર ગુણું ઉંચું હોય છે. શ્રી વીર પરમાત્માનું ૩૨ ધનુષ્યનું કહ્યું છે. તેમાં બારગુણાને હીસાબે ૨૧ ધનુષ્યનું અશોકવૃક્ષ અને તેની ઉપર ૧૧ ધનુષ્યનું ચૈત્યવૃક્ષ એમ બે મળીને ૩૨ ધનુષ્ય જાણવાનો આ રીતે અન્યત્ર ઉલ્લેખ છે. ) ૧૦

**तदुवरि चउ छत्ततिआ, पडिरूवतिगं तहट्ठचमरधरा ।**
**पुरओ कणयकुसेसय-ट्ठिअफालिय धम्मचक्कचऊ ॥११॥**

तदुपरि चतुः छत्रत्रिकाणि प्रतिरुपत्रिकं तथाष्टचामरधराः ।
पुरतः कनककुशेशयस्थित स्फटिक धर्मचक्रचत्वारि ॥११॥

---

१. पीठकमध्ये जिनतनुद्वादशगणोच्चः समधिकयोजनपृथुलोऽशोकवृक्षः । अस्य च जिनतनुद्वादशगुणोच्चत्वे पञ्चधनुःशतोच्चवप्रभित्तितो बहिर्निर्गमाभावेन योजनपृथुत्वं दुर्वटं परमेतदुपरिस्थाऽतितुङ्गतरशालवृक्षेण कृत्वाऽस्य योजनपृथुत्वं संभाव्यते । 'तदुवरि सालो समत्थविच्छिन्नो' इत्यन्यत्र प्रोक्तत्वात् अत्र च श्रीधर्मघोषसूरिपादैरशोकशालयो-रैक्याविवक्षयाऽशोकस्यैव योजनपृथुत्वमुक्तमिति संभाव्यते ।-"उसभस्स तिन्नि गाऊ, बत्तीसधणूणि वद्धमाणस्स । सेसजिणमसोओ, सरीरओ बारसगुणो त्ति" इति प्रवचनसारोद्धारवचनादशोकस्य जिनतनुद्वादशगुणोच्चत्वमपि प्रायिकं संभाव्यते । परमेतद्गाथोक्तेऽप्यशोकप्रमाणे श्रीऋषभं विनाऽपरेषां तीर्थकृतामशोकस्य योजनव्यापित्वं शालेनैव घटत इति । 'बतीसं धणूआइन्ति' । "असोगवरपायवं जिणउच्चत्ताओ बारसगुणं विउवई ।" इत्यावश्यकचूर्णिवचनात् । सप्तहस्तमानात् श्रीवीरस्वामिदेहाद् द्वादश-गुणीकृतः सन्नेकविंशतिर्धनूंषि भवत्यशोकस्तदुपरि एकादशधनुर्मानः शालवृक्षश्च स्यात्। उभयोर्मिलने द्वात्रिंशद्धनूंषि चैत्यद्रुमो वीरस्येति संप्रदायः । "बत्तीसधणु असोगो, तदुवरि सालो समत्थविच्छिन्नो" इति । तिहुअणसिरिकुलभवणमिति यशोभद्रकृतस्तवनेऽप्येवं॥ 'प्रवर्त्तकश्रीमत्कान्तिविजयानां पुस्तकेऽयं पाठोऽधिक उपलभ्यते ।

अवचूरिः— तेषामुपरि चत्वारि छत्रत्रिकाणि छत्रातिच्छत्ररूपाणि । तथा प्रतिरूपत्रिकं च व्यन्तरेन्द्रकृतं प्रभुप्रभावान्मुख्यरूपतुल्यमेव भवति। तथाऽष्टौ चामरधरा भवन्ति । एकैकरूपं प्रति द्वयोर्द्वयोश्चामरधारकयोः सद्भावात् । तथा कनककुशेशयस्थितानि स्फाटिकानि धर्म्मचक्राणि चत्वारि सिंहासनपुरतो भवन्ति ॥११॥

અર્થઃ- તે ચારે સિંહાસન ઉપર ચાર ઉપરાઉપરી રહેલા ત્રણ ત્રણ છત્રો છે, તથા પ્રભુના પ્રભાવથી પ્રભુની જ જેવા બીજા ત્રણ પ્રતિબિંબો ત્રણ દિશાએ વ્યંતરેંદ્ર બનાવે છે, તથા દરેક બિંબ પાસે બે બે ચામરધરો હોવાથી કુલ આઠ ચામરધારી હોય છે, તથા તે સિંહાસનોની આગળ સુવર્ણકમળમાં રહેલા સ્ફટિક મણિના ચાર ધર્મચક્ર હોય છે. ૧૧

**झयछत्तमयरमंगल-पंचालीदामवेइवरकलसे ।**
**पइदारं मणितोरण-तिअधूवघडी कुणंति वणा ॥१२॥**

ध्वज-छत्र मकर-मङ्गल पाञ्चालीदामवेदिवरकलशान् ।
प्रतिद्वारं मणितोरणत्रिकधूपघटीः कुर्वन्ति वानव्यन्तराः ॥१२॥

अवचूरिः- वप्रेषु प्रतिद्वारं ध्वजच्छत्रमकरमुखमङ्गलपाञ्चालीपुष्पदामवेदिपूर्णकलशान्, मणिमयतोरणत्रिकाणि, धूपघटीश्च कुर्वन्ति वानव्यन्तरा व्यन्तरसुराः ॥१२॥

અર્થઃ-ત્રણે વપ્રના દરેક દ્વાર પ્રત્યે ધ્વજ, છત્ર, મકર, મંગલ, પાંચાલી, પુષ્પમાલા, વેદિકા, પૂર્ણકલશ, મણિમય ત્રણ તોરણ અને ધૂપઘટી-આટલી વસ્તુ વાણવ્યંતર દેવો કરે છે-વિકુર્વે છે. ૧૨

**जोयणसहस्सदंडा, चउज्झया धम्ममाणगयसीहा ।**
**ककुभाइजुया सव्वं, माणमिणं निअनिअकरेणं ॥१३॥**

योजन सहस्रदण्डा श्चतुर्ध्वजा धर्म-मान-गज-सिंहाः ।
ककुभादियुताः सर्वं मानमिदं निज निज करेण ॥१३॥

अवचूरिः—धर्म्मध्वज १ मानध्वज २ गजध्वज ३ सिंहध्वज ४ नामानश्चत्वारो ध्वजाश्चतुर्दिक्षु चतुर्ग( चत्वारो ग )जसिंहलाञ्छिता इत्यर्थः।

'ककुभाइजुय त्ति' लघुलघुतरध्वजादियुताः । ककुप्शब्देन घण्टिका-पताकिकाद्युंच्यते । सर्वं चैतन्मानं निजनिजहस्तेन ॥१३॥

અર્થઃ–તથા હજાર યોજનના દંડવાળા અને નાની નાની ઘંટડીઓ તથા ધ્વજાઓ વડે યુક્ત એવા ધર્મધ્વજ, માનધ્વજ, ગજધ્વજ અને સિંહધ્વજ નામના ચાર ધ્વજ ચાર દિશાએ-સમવસરણની બહાર હોય છે. અહીં સર્વ પ્રમાણ પોતપોતાના હાથ વડે જાણવું. અર્થાત્ જે પ્રભુનું સમવસરણ હોય તેમના આત્માંગુલે જાણવું. ૧૩

**पविसिअ पुव्वाइ पहू, पयाहिणं पुव्वआसणनिविट्ठो ।**
**पयपीढठवियपाओ, पणमिअतित्थो कहइ धम्मं ॥१४॥**

**प्रविश्य पूर्वेण प्रभुः प्रदक्षिणां पूर्वासननिविष्टः ।**
**पादपीठ स्थापितपादः प्रणामिततीर्थः कथयति धर्मम् ॥१४॥**

अवचूरिः— पूर्वेण प्रविश्य 'पणमिअतित्थो त्ति' 'नमो तित्थस्स' इत्यादि जीतमर्यादया प्रणतं तीर्थं चतुर्विधः सङ्घो येन सः, प्रभोर्वाणी योजनं यावत्प्रसरति यतो वप्राणामधस्ताद्गच्छन्तो जनाः शृण्वन्ति ॥१४॥

અર્થઃ– પ્રભુ પૂર્વ દિશાના દ્વાર વડે પ્રવેશ કરી, ત્રણ પ્રદક્ષિણા આપી 'नमो तित्थस्स' એવા શબ્દ વડે તીર્થને નમસ્કાર કરી, પૂર્વ સન્મુખના સિંહાસન પર બેસી પાદપીઠ પર પગ સ્થાપન કરી ધર્મદેશના આપે છે. ૧૪

**मुणि वेमाणिणि समणी, सभवणजोइवणदेविदेवतिअं, ।**
**कप्पसुरनरित्थितिअं, ठंतिग्गेयाइविदिसासु ॥१५॥**

**मुनि वैमानिकी श्रमणी सभवनज्योतिर्वनदेविदेवत्रिकम् ।**
**कल्पसुरनरस्त्रीत्रिकं तिष्ठति आग्नेयादिविदिशासु ॥१५॥**

अवचूरिः—आग्नेयीनैर्ऋतीवायवीइशानीविदिक्षु यथोक्तं सभात्रयं[१] यथाक्रमं पूर्वस्यां दक्षिणायां( णस्यां )पश्चिमायामुत्तरायां( रस्यां )प्रविश्य प्रदक्षिणां दत्त्वा तिष्ठति ॥१५॥

---

१. सभवनेत्यादीनां षण्णामपि द्वितीयपादनिर्दिष्टानामैक्यात् मुन्यादिभवनदेव-देव्यादिवैमानिकसुरादिरूपं सभात्रयं तथा च त्रित्वं सभायाश्चतुष्ट्वं त्रिकस्य चेति न विरुद्धमिति ।

અર્થઃ–સાધુ, વૈમાનિક દેવી અને સાધ્વી એ ત્રણ પર્ષદા પૂર્વ દિશાના દ્વારવડે પ્રવેશ કરી અગ્નિ ખૂણામાં એક બીજાની પાછળ રહે છે. ભવનપતિની દેવીઓ, જ્યોતિષની દેવીઓ અને વ્યંતરની દેવીઓ દક્ષિણ દિશાના દ્વાર વડે પ્રવેશ કરી નૈઋત્ય ખૂણામાં રહે છે. ભવનપતિ, જ્યોતિષ અને વ્યંતર દેવો પશ્ચિમ દિશાના દ્વાર વડે પ્રવેશ કરી વાયવ્ય- ખૂણામાં રહે છે. તથા વૈમાનિક દેવો, પુરુષો અને સ્ત્રીઓ ઉત્તર દિશાના દ્વાર વડે પ્રવેશ કરી ઈશાન ખૂણામાં રહે છે. આ રીતે ચારદિશાની મળીને બાર પર્ષદાની વ્યવસ્થા હોય છે. તે સર્વ પર્ષદા પ્રભુને પ્રદક્ષિણા આપીને પોતપોતાની દિશામાં જાય છે. ૧૫

**चउदेविसमणी उद्ध-ट्ठिआ निविट्ठा नरित्थिसुरसमणा ।**
**इय पण५सग७परिस सुणं-ति देसणं पढमवप्पंतो ॥१६॥**
**इय आवस्सयवित्ती-वुत्तं चुन्नीइ पुण मुणि निविट्ठा ।**
**दो वेमाणिणिसमणी, उड्ढा सेसा ठिआ उ नव ॥१७॥**

चतुर्देविश्रमणी उध्वस्थिता निविष्टा नरिस्त्रीश्रमणः ।
एवं पञ्च-सप्त पर्षदि श्रुणवन्ति देशनां प्रथमवप्रान्त ॥१६॥

एवं आवस्यकवृत्ती-उक्तं चूर्ण्यां पुन र्मुनयो निविष्टाः ।
द्वे वैमानिकीश्रमणी, उर्ध्वशेषास्थिता तु नव ॥१७॥

अवचूरिः— गाथाद्वयं स्पष्टम् । (नवरं) मुनयो निविष्टा उत्कटिका-सनेनेति शेषः । वैमानिका देवीश्रमणीद्वयमूर्ध्वस्थिताः शेषा नव सभाः स्थिता उपविष्टाः । तथा चैतयो[1](गाथयोः)रक्षराणि (ण्येवम्)- "अवसेसा संजया निरइसेसिआ पुरिच्छिमेणं चेव दारेणं पविसित्ता भयवंतं तिपयाहिणं काउं वंदित्ता नमो अइसेसिआणं ति भणित्ता अइसेसिआणं पिट्ठओ निसीअंति । वेमाणिआ(णी) देवीओ पुरिच्छिमेणं चेव दारेणं पविसित्ता भयवंतं तिपयाहिणी करित्ता नमो तित्थस्स नमो अइसेसिआणं नमो साहूणं ति भणित्ता निरइसेसिआणं पिट्ठओ ठायंति न निसीयंति । समणीओ पुरिच्छिमेणं चेव दारेणं पविसित्ता तित्थयरं तिपयाहिणं करित्ता वंदित्ता नमो तित्थस्स नमो अइसेसिआणं नमो साहुणंति भणित्ता वेमाणिआणं

---

१. न लभ्यतेऽयं पाठोऽनेकेषु दृश्यमानेष्वादर्शेषु, परं 'प्रवर्त्तकश्रीमत्कान्तिविजयानां पुस्तके उपलभ्यते स च सोपयोगत्वादादृतोऽत्र ।

देवीणं पिट्ठओ ठायंति न निसीयंति । भवणवासिणीओ देवीओ जोइसिणीओ वंतरीओ दाहिणदारेण पविसित्ता तित्थयरं तिपयाहिणी करित्ता दाहिणपच्छिमेण ठायंति भवणवासिणीणं पिट्ठओ जोइसिणीओ तासिं पिट्ठओ वंतरीओ । भवणवासिदेवा जोइसिओ देवा वाणवंतरा देवा एए अवरदारेणं पविसित्ता तं चेव विहिं काउं उत्तरपच्छिमेणं ठायंति जहासंखं पिट्ठओ । वेमाणिआ देवा मणुस्सा मणुस्सीओ अ उत्तरेणं दारेणं पविसित्ता उत्तरपुरिच्छिमेणं ठायंति जहासंखं पिट्ठओ । एषा चूर्णिः । अथ वृत्तिः। अत्र च मूलटीकाकारेण भवनपतिप्रभृतीनां स्थानं निषी(ष)दनं वा स्पष्टाक्षरैर्नोक्तम्; अवस्थानमेव प्रतिपादितं । पूर्वाचार्योपदेशेन लिखित-पट्टिकादिचित्रकर्मबलेन तु सर्वाश्चतस्र एव देव्यो न निषीदन्ति, देवाश्चत्वारः पुरुषाः स्त्रियश्च निषीदन्तीति प्रतिपादयन्ति केचनेत्यलं प्रसङ्गेन ॥१६-१७॥

અર્થઃ– બાર પર્ષદા પૈકી ચાર પ્રકારની દેવીઓ અને સાધ્વીઓ ઉભી રહે છે અને નર, નારી, ચાર પ્રકારના દેવ અને સાધુઓ બેસે છે. એ રીતે પહેલા અંદરના વપ્રમધ્યે રહેલી પાંચ અને સાત મળીને બાર પર્ષદા દેશના સાંભળે છે. ૧૬

અર્થ :– આ પ્રમાણે આવશ્યકની ટીકામાં કહ્યું છે. પરંતુ તેની ચૂર્ણિમાં તો એમ કહ્યું છે કે– સાધુ બેસે, વૈમાનિક દેવી અને સાધ્વી એ બે ઉભી રહે. બાકીની નવ પર્ષદા બેસે અર્થાત્ દશ પર્ષદા બેસે અને બે જ ઉભી રહે. ૧૭

**बीअंतो तिरि ईसाणि, देवच्छंदो अ जाण तइअंतो ।**
**तह चउरंसे दु दु वावी, कोणओ वट्टि इक्किक्का ॥१८॥**

**द्वितीयान्तस्तिर्यञ्चः इशाने देवच्छन्दकश्च यानानि तृतीयान्तः ।**
**तथा चतुरस्रे द्वे द्वे वाप्यौ कोणे वृत्ते एकैका ॥१८॥**

अवचूरिः— द्वितीयवप्रान्तस्तिर्यञ्चः तत्रैवेशानकोणे प्रभोर्विश्रामार्थं देवच्छन्दको रत्नमयः 'जाण त्ति' यानानि वाहनानि भवन्ति तृतीयवप्रान्तः। तथा चतुरस्रे समवसरणे कोणे कोणे द्वे द्वे वाप्यौ । वृत्ते च समवसरणे कोणे कोणे एकैका वापी[1] । 'बहिवप्पदारमज्झे, दो दो वावी अ हुंति कोणेसु' इति च स्तोत्रान्तरे पाठः ॥१८॥

---

१. चतुरस्रसमवसृत्यपेक्षमिति नातिविरुद्धमिदम् । वृत्तापेक्षमेकैकेत्यधिक-मत्रेत्यनुमीयते ।

અર્થઃ- બીજા વપ્રની અંદર તિર્યંચો રહે છે, અને તેના ઈશાન ખૂણામાં પ્રભુને વિશ્રામ લેવા માટે રત્નમય દેવચ્છંદક બનાવેલો હોય છે, તથા ત્રીજા (બહારના) વપ્રની અંદર વાહનો રહે છે, ચતુરસ્ર-સમવસરણમાં ચારે બાજુ બે બે વાવો હોય છે અને વૃત્ત સમવસરણમાં ચારે ખૂણે એક એક વાવ હોય છે. ૧૮.

**पीअ-सिअ-रत्त-सामा, सुर-वण-जोई-भवणा रयणवप्पे ।**
**धणु-दंडपास-गयहत्थ, सोम-जम-वरुण-धणयक्खा ॥१९॥**

**पीत-श्वेत-रक्त-श्यामा-सुर-वानमन्तर-ज्योति-र्भवना रत्नवप्रे ।**
**धनु-र्दण्ड-पाश-गदा हस्त सोम-यम-वरुण-धनदाख्याः ॥१९॥**

अवचूरिः—अथ रत्नमये प्रथमवप्रे पूर्वादिद्वारचतुष्केऽपि[1] क्रमेण द्वारपालदेवानां नामादिकमाह- सोम १ यम २ वरुण ३ धनदाख्याः ४। यथाक्रमं पीतादिवर्णाः । सुरादयः[2] । धनुर्दण्डपाशगदाहस्ता द्वारपालाः ॥१९॥

અર્થ :- આ રીતે ચાર દ્વારપાળ હોય છે.

| દ્વારપાળના નામ | નિકાય | વર્ણ | શસ્ત્ર | દિશા |
|---|---|---|---|---|
| ૧. સોમ | વૈમાનિક | પીત | ધનુષ | પૂર્વ |
| ૨. યમ | વાણવ્યંતર | શ્વેત | દંડ | દક્ષિણ |
| ૩. વરૂણ | જ્યોતિષ | રક્ત | પાશ | પશ્ચિમ |
| ૪. કુબેર(ધનદ) | ભવનપતિ | શ્યામ | ગદા | ઉત્તર |

**जय-विजया-ऽजिय-अपराजिअति सिअ-अरुण-पीअ-नीलाभा ।**
**बीए देवी जुअला, अभयं-कुसपासमगरकरा ॥२०॥**
**तइअ बहिसुरा तुंबरु, खट्टंगि-कवाल-जडमउडधारी ।**
**पुव्वाइदारवाला तुंबरुदेवो अ पडिहारो ॥२१॥**
**सामन्नसमोसरणे, एस विही एइ जइ महिड्डिसुरो ।**
**सव्वमिणं एगोऽवि हु, स कुणइ भवणेयरसुरेसु ॥२२॥**

---

१. आदिना दक्षिणादिग्रहः । २. अनुमीयते सुरादिपदेन-वैमानिकादि-निकायचतुष्टयम् ।

जया-विजया-जिता-पराणिता इति श्वेत-अरुण-पीत-नीलाभाः ।
द्वितीये देवीयुगला अभयं-कुश-पाश-मकरकरा ॥२०॥

तृतीये बहिः सुरा-तुम्बरु-खटवाङ्ग करवाल-जटा-मुकुट-धारी ।
पूर्वादि द्वारपालास्तुंम्बरुदेवश्च प्रातिहार्यः ॥२१॥

सामान्यसमवसरणे एष विधिः एति यदि महर्द्धिकसुरः ।
सर्वमिदं एकोऽपि तु स करोति भजनेतरसुरेषु ॥२२॥

अवचूरिः— गाथाद्वयं स्पष्टम् । 'सामन्नसमोसरणे त्ति' एष विधिः सामान्यसमवसरणे ज्ञेयः । यदि महर्द्धिकः कश्चिद्देव एति आगच्छति तदा स एकोऽपि सर्वमिदं करोति यदीन्द्रा नागच्छन्ति तदा भवनपत्यादयः समवसरणं कुर्वन्ति वा न वा ? इत्याह—' भयणेयरसुरेसुत्ति' इतरसुरेषु भजना कोऽर्थः ? कुर्वन्त्यपि न कुर्वन्त्यपीत्यर्थः ॥२०-२१-२२॥

અર્થઃ– બીજા વપ્રના ચાર દરવાજે એક સરખા નામવાળી બે બે દેવીઓ આ પ્રમાણે પૂર્વાદિદિશામાં અનુક્રમે ઉભી રહે છે. ૨૦

| બે બે દ્વારપાલકિાના નામ | વર્ણ | શસ્ત્ર | દિશા |
|---|---|---|---|
| ૧. જયા | શ્વેત | અભય | પૂર્વ |
| ૨. વિજયા | રક્ત | અંકુશ | દક્ષિણ |
| ૩. અજિતા | પીત | પાશ | પશ્ચિમ |
| ૪. અપરાજિતા | નીલ | મકર | ઉત્તર |

અર્થઃ– ત્રીજા બહારના વપ્રને ચારે દરવાજે તુંબરુ, ખટ્વાંગી, કપાલી અને જટામુકુટધારી એ નામના પૂર્વાદિ દ્વારના પાલન કરનારા દેવો હોય છે. એ નામના ચારે દેવ પ્રથમગઢે ઉભા રહેલા હોવાથી પ્રતિહાર કહેવાય છે. ૨૧

અર્થઃ– સામાન્ય સમવસરણને વિષે આ ઉપર કહ્યો તે વિધિ જાણવો.. એટલે કે ચારે નિકાયના દેવો પોતપોતાના અધિકાર પ્રમાણે જુદા જુદા કાર્યો તેમાં કરે છે. બાકી કોઈ મહર્દ્ધિક દેવ આવે તો આ ઉપર કહ્યું તે સર્વ પોતે એકલો પણ કરી શકે છે. અને જો ઇંદ્રાદિક અથવા મહર્દ્ધિક દેવ આવેલ ન હોય તો બીજા દેવોને વિષે આ પ્રમાણે બધું કરી શકવાની

ભજના જાણવી, એટલે તે આ પ્રમાણે સમવસરણની રચના કરી પણ શકે અને ન પણ કરી શકે. ૨૨.

**पुव्वमजायं जत्थ उ, जत्थेइ सुरो महिड्ढिमघवाई ।**
**तत्थोसरणं नियमा, सययं पुण पाडिहेराइं ॥२३॥**

**पूर्वमजातां यत्र तु यत्रेति सुरो महर्द्धिमघवादिः ।**
**तत्र समवसरणं नियमातु सततं पुनः प्रातिहार्यादिकम् ॥२३॥**

अवचूरिः— यत्र च तत्तीर्थङ्करापेक्षयाऽभूतपूर्वं समवसरणं यत्र च महर्द्धिको देव इन्द्रादिर्वा समेति समागच्छति तत्र समवसरणरचना नियमान्निश्चयाद्भवति । अष्टमहाप्रातिहार्यादिकं पुनः सततं भवत्येवेत्यर्थः । तथा येन च श्रमणेन समवसरणमदृष्टपूर्वं तेन तत्र द्वादशयोजनेभ्य आगन्तव्यं स्यात् । अनागमने तु तस्य चतुर्लघवः प्रायश्चित्तं भवति । तदुक्तम्-

"जत्थ अपुव्वोसरणं, अदिट्ठपुव्वं च जेण समणेणं ।
बारसहिं जोअणेहिं स एइ, अणागए लहुआ ॥१॥"

तथा प्रभुः प्रथमपौरुषीं सम्पूर्णां यावद्धर्म्ममाचष्टे । अत्रान्तरे बलिः प्रविशति, तं च बलिं प्रक्षिप्यमाणं देवादयः सर्वेऽपि यथोचितं गृह्णन्ति, सर्वामयप्रशमनश्च सः, तेन च षण्मासान्तरेनान्यः प्रकुप्यति रोगः । बलिक्षेपादनु प्रभुराद्यवप्रादुत्तरेण निर्गत्येशानदिशि देवच्छन्दकमेति, गणधरश्च द्वितीयपौरुष्यां धर्म्ममाचष्टेऽसङ्ख्येयभवकथयिता इत्यादिविस्तरः श्रीआवश्यकादौ प्रोक्तोऽस्तीति ॥२३॥

અર્થઃ- જે ઠેકાણે તે તીર્થંકરને આશ્રયીને પ્રથમ કોઈવાર સમવસરણ ન થયું હોય ત્યાં તથા જ્યાં કોઈ મહર્દ્ધિક દેવ કે ઈન્દ્રાદિક આવેલ હોય ત્યાં તે ઠેકાણે અવશ્ય સમવસરણની રચના થાય છે બાકી અષ્ટ-પ્રાતિહાર્યાદિક તો નિરંતર હોય જ છે. અહીં વિશેષમાં જાણવાનું એ છે જે કોઈ સાધુએ કોઈ વાર સમવસરણ જોયું ન હોય, તેણે બાર યોજન દૂરથી પણ સમવસરણમાં આવવું જોઈએ, ન આવે તો તેને ચતુર્લઘુ નામનું પ્રાયશ્ચિત્ત આવે છે. તથા પ્રભુ પહેલી પોરિસી સંપૂર્ણ થાય ત્યાં-સુધી દેશના આપે છે. ત્યારપછી ત્યાં રાજા મહારાજાઓ દ્વારા બલિ લાવવામાં આવે

છે, તે બલિ ઉછાળવામાં આવે છે, તેને મનુષ્યો તથા દેવાદિક સર્વે યથાયોગ્ય ગ્રહણ કરે છે. તે બલિના પ્રભાવથી હોય તે સર્વ વ્યાધિઓ દૂર થાય છે અને છ માસ સુધી કોઈ પણ નવા રોગનો પ્રકોપ થતો નથી. બલિક્ષેપ થઈ ગયા પછી પ્રભુ પહેલા વપ્રના ઉત્તર દિશાના દ્વારથી બહાર નિકળી બીજા વપ્રના ઈશાન ખૂણામાં રહેલા દેવચ્છંદકને વિષે વિશ્રાંતિ લેવા પધારે છે. અને બીજીપોરિસીએ શ્રી ગણધરભગવંત પાદપીઠ ઉપર બેસીને ધર્મદેશના આપે છે તેઓ પણ અસંખ્યાતા ભવ કહી શકે છે. ઈત્યાદિક વિસ્તાર શ્રીઆવશ્યકાદિકમાં કહ્યો છે. ૨૩

**दुत्थिअसमत्थअत्थिअ-जणपत्थिअअत्थसत्थसुसमत्थो ।**
**इत्थं थुओलहु जणं, तित्थयरो कुणउ सु( स )पयत्थं ॥२४॥**

**दुस्थित समस्तर्थिकजनप्रार्थितार्थ सार्थसु समर्थः ।**
**इत्थं स्तुतो लघु जनं तीर्थकरः करोतु सुपदस्थम् ॥२४॥**

अवचूरिः— दुस्थिताः दुःखिता ये समस्ता अर्थिकजना याचक-लोकास्तेषां ये प्रार्थिता अर्थास्तेषां सार्थाः समूहास्तेषु समर्थः सर्वमनोरथ-पूरकत्वात् । इत्थं स्तुतो लघु शीघ्रं जनं भव्यलोकं तीर्थकरः सुपदस्थं मोक्षपदस्थं स्वपदस्थं वा करोत्वित्यर्थः[१] ॥२४॥

## इति श्रीसमवसरणस्तवस्यावचूरिः समाप्ता ॥

અર્થઃ– દુઃખ પામતા એવા સમગ્ર અર્થીજનોના પ્રાર્થિત (ઇચ્છિત) પદાર્થ સમૂહને આપવામાં સમર્થ એવા શ્રીતીર્થંકરદેવની આ રીતે સ્તુતિ કરી છે. તે પ્રભુ શીઘ્રપણે ભવ્યજનને મોક્ષપદ આપો અથવા પોતાનાં પદમાં સ્થિત કરો.

---

१. अधिकमिदं प्रत्यन्तरे प्रक्षिप्तप्रायं परं सोपयोगमिति दृश्यते तद्यथा-अथ श्रीजिनसिंहासनस्थानाद्बाह्यवप्रप्रान्तः बाह्यसोपानप्रान्तं यावद्भूमिसङ्कलनामाहवृत्तसमवसरणे यत्र जिना उपविशन्ति तदधिष्ठितभूमेरधः समन्ताद्धनूंषि ४००० बाह्यवप्रप्रान्तदेशो भवति परं जिनासनभूमेरधः प्रतोलीप्रदेशो बाह्यसोपानप्रान्तं यावच्चतसृषु दिक्षु धनूंषि ६५०० तथा च भूमेरुपरि अलग्नं समवसरणं भवति अतो भूमेरुपरि धनूंषि ५००० सिहासनं जिनस्य । तत्रोपविष्टाज्जिनाद्बाह्यसोपानप्रान्तं यावद्यदा दोरिका दीयते तदा कियती

करणभूमिः ? धनुंषि ८२०० कराः २१ अङ्गुलानि १० एकस्मिन्पक्षे । अपरेऽप्येवमेवम्। तथा जिनाद्बाह्यवप्रकपिशीर्षकः बाह्यभूमिं यावद्यदा दोरिका दीयते तदा कियती करण-भूमिः ? धनूंषि ६४०० कराः ३ अङ्गुलानि ११, एवमेकस्मिन्परस्मिन्नपि एवमेव । तथा रत्नमयसर्वाभ्यन्तरवप्रस्य परिधिर्योजनं १ धनूंषि ९० हस्तः १ । स्वर्णमयमध्यवप्रस्य परिधिर्योजने २ धनूंषि १२ ? रूप्यमयबाह्यवप्रस्य परिधिर्योजनानि ३ धनूंषि ३२ हस्तः १; अयमेव परिधिश्चतुरस्त्रसमवसरणे साधिको ज्ञेयः । यतः—

''बारसजोयण उसह उसरणं आसि नेमिजिणजाव ।
दो दो गाउ ऊणं पास पणकोस चउ वीरे ॥''

अस्या गाथायाः पारम्पर्यं न ज्ञायते । तथा समन्तात् जिनवाणी धनूंषि अष्टौ सहस्त्राणि यावत्प्रसरति । वप्राऽधस्ताद्गच्छतो जनाः शृण्वन्ति । इति ॥

## ॥ इति समवसरणस्तवः ॥

પૂર્વપ્રકાશક - જૈન આત્માનંદ સભા- ભાવનગર.

## ॥ શ્રી મહાવીર સ્વામી સ્તુતિ ॥

વૈશાખ સુદી દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન,
ઉપદેશ દીયે પ્રધાન,

અગ્નિ ખૂણે હવે પર્ષદા સુણીયે, સાધ્વી વૈમાનિક સ્ત્રી ગણીયે,
મુનિવર ત્યાંહી જ ભણીયે,

વ્યંતર જ્યોતિષી ભુવનપતિ સાર, નૈઋત્ય ખૂણે એહ અધિકાર,
વાયવ્ય ખૂણે એની નાર,

ઈશાને સો હીયે નરનાર, વૈમાનિક સુર થઈ પર્ષદા બાર
સુણે જિનવાણી ઉદાર, ॥૩॥

॥પૂ.પં.શ્રી શુભ-વીર વિજયજી મ. કૃત ગંધારે મહાવીર જિણંદાની ત્રીજી ગાથા॥

# समवसरण-स्तोत्रम्

सत्केवलज्ञानमहाप्रभाभिः, प्रकाशिताशेषजगत्स्वरूपम् ।
स्तवीमि तं वीराजिनं सुरौधा, यद्देशनासद्मनि चक्रुरेवम् ॥१॥

आयोजनं भूमितलस्य( चकुः ), सन्मार्जनं वायुकुमारदेवाः ।
तस्यैवगन्धोदकवर्षणेन, रजः प्रशान्तिं विदधुश्च मेघाः ॥२॥

सद्रत्नमाणिक्यशिलाभिरिद्धं, विधाय तत्राऽचलपीठबन्धम् ।
किरन्ति पुष्पाणि विचित्रिवर्णान्यस्योपरि व्यन्तरराजवर्याः ॥३॥

वैमानिका ज्योतिषिकाश्च, तत्र सद्भक्तिभाजो भुवनाधिपाश्च ।
वप्रत्रयं रत्नसुवर्णरूप्यमयं विचक्रुर्द्युतिभासिताऽऽशम् ॥४॥

आभ्यन्तरे रत्नमये विशाले, साले विरेजुः कपिशीर्षकाणि ।
सुरैः प्रक्लृप्तानि मणीमयानि, सद्दर्पणाः किं ननु धर्मलक्ष्म्याः ॥५॥

विमध्यमे रत्नमयानि तानि हैमानि चामूनि बहिस्थवप्रे ।
गव्यूतमेकं धनुषां शतानि, षडेव तेषामियमन्तरुर्वी ॥६॥

बाहुल्यमेषां धनुषां त्रयस्त्रिं-शदेक( श्च ) हस्तोऽङ्गुलकानि चाष्टौ ।
लसच्चतुर्द्वारविराजितानां, तथोच्चता पञ्चधनुः शतानि ॥७॥

भूमेः सहस्त्राणि दशैव गत्वा, सोपानकानां प्रथमोऽत्र वप्रः ।
धनूंषि पञ्चाशदतः समा भूः, सोपानकानां हि ततोऽयुतार्द्धे ॥८॥

द्वितीयवप्रोऽत्र तदन्तरेऽभूत्, विधिस्तु पूर्वोदित एव सर्वः ।
ततस्तृतीयोऽपि बभूव वप्र, स्तदन्तरं वा मणिपीठबन्धात् ॥९॥

इत्थं सहस्त्रा दश पञ्च पञ्च, क्रमेण शालत्रयसर्गतानाम् ।
सोपानकानां प्रमितिस्त्वमीषां, करैकमानोन्नतिविस्तराभ्याम् ॥१०॥

प्रमाणमेतत् सकलं विबोध्यं, निजैर्निजैरेव करैर्जिनाम् ।
देहादिवैचित्र्यत एषा तेषां, न चान्यथा सङ्गतिमङ्गतीदम् ॥११॥

भूमितलादूर्ध्वमथार्द्धयुक्त-गव्यूतयुग्मं परितोऽधिरुह्य ।
तृतीयवप्रे बहुमध्यदेशे, ज्योतिर्जटालं मणिपीठमासीत् ॥१२॥

विष्कम्भतश्चापशतद्वयं तदौन्नत्यतः श्रीजिनदेहमानम् ।
विरेजुरस्योपरि चारुसिंहासनानि चत्वारि मणीमयानि ॥१३॥

मणीमयच्छन्दकसङ्गतानि चाऽशोकवृक्षं परितः स्थितानि ।
छत्रत्रयेणोर्ध्वगतेन चन्द्रप्रभसमानद्युतिना युतानि ॥१४॥

सुपर्वसञ्चारितपङ्कजेषु,न्यासं दधानः क्रमपङ्कजानाम् ।
सिंहासनं स्वामिवरोऽथ भेजे, पूर्वमुखं पूर्वगिरि यथांशुः ॥१५॥

ततो व्यधीयन्त न शेषदिक्षु, सद्व्यन्तरैस्तत् प्रतिरूपकाणि ।
चतुर्मुखस्तैर्भगवान् विरेजे, चतुर्विधं धर्ममिवोपदेष्टुम् ॥१६॥

तत् पार्श्वयोर्यक्षवरा बभूवुः, करे धरन्तो वरचामराणि ।
अभ्रंलिहाः स्वामिपुरो विरेजुर्महाध्वजा रत्नमयोच्चदण्डाः ॥१७॥

पुरो जिनेन्द्रस्य च धर्मचक्र-चतुष्टयी चारुरुचिर्बभासे ।
प्रख्यापयन्ती भविनां मनस्सु, सद्धर्मचक्रित्वमपूर्वमस्य ॥१८॥

आग्नेयका मुख्यविदिक्षु तिस्त्रः, प्रत्येकमस्थुश्च सभाः क्रमेण ।
सुसाधवः कल्पसुराङ्गनाश्च, साध्व्यश्च धर्मश्रवणैकनिष्णाः ॥१९॥

ज्योतिःपतीनां भुवनाधिपानां, सद्व्यन्तराणां च विलासवत्यः ।
त्रयोऽपि ते देववरास्ततोऽपि, वैमानिका मर्त्यवराः स्त्रियश्च ॥२०॥

तिर्य्गवराः सिंहमृगाहिबभ्रुमुख्याः प्रशान्ता द्वितीयेऽथ वप्रे ।
संत्यक्तवैरा भगवद्वचांसि, पपुः कणेहत्य कृतोर्ध्ववक्त्राः ॥२१॥

यानानि वप्रे तृतीये बभूव-र्नियन्त्रणा नो विकथाभयं न ।
न मत्सरस्तत्र परस्परेणाऽभवज्जिनेन्द्रस्य कटप्रभावः ॥२२॥

आसन् प्रतिद्वारमिहावलम्बि, ध्वजानि चञ्चन्मणितोरणानि ।
पञ्चालिका मङ्गलकानि चाष्टौ, सत्पर्णकुम्भा वरधूपघट्यः ॥२३॥

माणिक्यवप्रे प्रतिहाररूपः, सौधर्मनाथो वनजाधिपश्च ।
द्वारेऽवतस्थे भवनाधिपोऽथ, ज्योतिःपतिस्ते तु विचित्रवर्णाः ॥ २४ ॥

सौवर्णवप्रे विजया जया च, जिताभिधानाऽप्यपराजिता च ।
द्वारस्थिताः शस्त्रकरास्तथैताः, दौवारिकत्वं विदधुर्जिनस्य ॥ २५ ॥

वप्रे बहिस्तुम्बरुनामदेवः, खट्वाङ्गनामा पुरुषोऽस्ति माली ।
एते प्रतिद्वारमुदात्तदण्डाः, क्रमाज्जटामण्डितमौलयोऽस्थुः ॥२६॥

मणीमयच्छन्दक एव आसीदीशानकोणे जिनविश्रमाय ।
माणिक्यवप्रस्य बहिः सुरौधैर्विनिर्मितः किं नु निजैर्महोभिः ॥२७॥

सद्देशनासद्मनि वृत्तरूपे, बहिस्थवप्रस्य किल प्रदेशे ।
द्वे द्वे भवेतां वरपुष्करिण्यौ, कोणेषु चैका चतुरस्रके स्यात् ॥२८॥

गायन्ति नृत्यन्ति च देवसंघा, जिनेन्द्रसन्दर्शनतोऽतिहृष्टाः ।
प्रमोदमन्तःस्थमनावन्तो, धर्तुं विमुञ्चन्ति च सिंहनादान् ॥२९॥

इन्द्रादिकः कोपि महर्द्धिकोऽथ, समेति देवो यदि भक्तियुक्तः ।
सर्वं तदैकः कुरुते स यद्वा, भक्तेः प्रभुत्वस्य च किं न साध्यम् ? ॥३०॥

अजातपूर्वः किल यत्र यत्र, महर्द्धिकः कोपि समेति देवः ।
इदं पुनस्तत्र भवेदवश्यं, सुप्रातिहार्याणि निरन्तरं स्युः ॥३१॥

जगच्चमत्कारकरैश्चतुस्त्रिंशताभिरामातिशयैः समग्रैः ।
निर्वाणमार्गं प्रथयन् जनानां, चिरं जगत्यां जयतात् जिनेन्द्रः ॥३२॥

स सर्वभाषानुगया जिनेन्द्रः, सद्भाषया योजनविस्तरिण्या ।
संप्रीणयामास समग्रलोकं, कोकं यथाऽहर्पतिरस्तशोकम् ॥३३॥

इत्थं श्री जिनराजवीर! भवतः सम्यग् विधाय स्तवं,
यत्पुण्यं समुपार्जितं किल मया भावस्य नैर्मल्यतः ।
तेनाऽयं सकलोऽपि भव्यनिवहस्त्वच्छासने भक्तिमान्,
भूत्वा भद्रशतान्यवाप्य च परामालम्ब्यतां निर्वृतिम् ॥३४॥

*॥ इति श्रीसमवसृतिस्तवः समाप्तः ॥*

# समवसरणरचनाकल्पः ।

**नमिऊण जिणं वीरं कप्पं सिरिसमवसरण रयणाए ।**
**पुव्वायरिअकयाहिं गाहाहिं चेव जंपेमि ॥१॥**

વીર જિનેશ્વરને નમસ્કાર કરીને શ્રી સમવસરણ રચનાનાં કલ્પને પૂર્વાચાર્યોએ રચેલી ગાથાઓ વડે જ કહીશુ ॥૧॥

**वाऊमेहा कमसो जोअणभूसोहि-सुरहिजलवुट्ठी ।**
**मणिरयणभूमिरयणं कुणंति पुण कुसुमवुट्ठि वणा ॥२॥**

વાયુકુમાર, મેઘકુમાર અનુક્રમે એક યોજન સુધી ભૂમિની શુદ્ધિ અને સુગંધી જલની વૃષ્ટિ કરે છે. મણિરત્ન અને ભૂમિરત્ન વળી કુસુમની વૃષ્ટિ વ્યંતર દેવો કરે છે. ॥૨॥

**पायारतिँ कमसो कुणंति वररुप्पकणयरयणमयं ।**
**कंचणवसुमणिकविसीससोहिअं भवण-जोइ-वणा ॥३॥**

સુવર્ણ, રત્ન અને મણિમય કાંગરાઓથી શોભિત ચાંદી, સુવર્ણ અને રત્નમય ત્રણ શ્રેષ્ઠગઢ અનુક્રમે ભવનપતિ, જ્યોતિષ અને વ્યંતરો કરે છે.॥૩॥

**गाउअभेगं छस्सयधणुहपरिच्छिन्नमंतरं तेसिं ।**
**अट्ठंगुलीक्करयणी तित्तीसं धणुहबाहल्लं ॥४॥**

તે ગઢોની વચ્ચે એક ગાઉ અને છસો ધનુષનું અંતર છે. એક ગાઉ તેત્રીસ ધનુષ અને આઠ અંગુલ વિસ્તારવાળા ગઢ છે. ॥૪॥

**पंचसयधणुच्चत्तं चउदारविराइआण वप्पाणं ।**
**सव्वप्पमाणमेयं निअनिअहत्थेण य जिणाणं ॥५॥**

પાંચસો ધનુષ ઉંચા ચાર દ્વાર વાળા ગઢો શોભે છે. આ સર્વ પ્રમાણ જિનેશ્વરનાં પોતપોતાનાં હાથ પ્રમાણે જાણવું ॥૫॥

सोवाणदससहस्सा भूमीओ गंतु पढमपायारो ।
पण्णासधणुहपयरो पुणो वि सोवाणपणसहसा ॥६॥
तत्थ विअ बीअवप्पो पुव्वुत्तविही तयंतरे नेया ।
तत्तो तईओ एवं वीस सहस्सा य सोवाणआ ॥७॥

ભૂમિથી દસહજાર પગથીયા જઈએ ત્યારે પ્રથમ ગઢ આવે. તે પચાસ ધનુષ વિસ્તારવાળો, ત્યાર પછી પાંચ હજાર પગથીયા જઈએ ત્યારે બીજો ગઢ આવે તેનું અંતર પણ પૂર્વોક્ત વિધિ પ્રમાણે જાણવું. ત્યાર પછી પાંચ હજાર પગથીયા જઈએ ત્યારે ત્રીજો ગઢ આવે. એ પ્રમાણે વીસ હજાર પગથીયા જાણવાં. ॥૬-૭॥

दस पंच पंच सहसा सव्वे हत्थुच्च-हत्थवित्थिन्ना ।
बाहिर-मज्झ-ब्भिंतरवप्पाण कमेण सोवाणं ॥८॥

દસ, પાંચ, પાંચ હજાર સર્વે પગથીયા એક હાથ ઉંચા અને એક એક હાથ વિસ્તારવાળા પ્રથમ ગઢની બહા, બીજા ગઢની મધ્યે અને ત્રીજા ગઢની અંદર પગથીયા જાણવાં. ॥૮॥

तम्मज्झे मणिपीढं भूमीओ सड्ढदुन्निकोसुच्चं ।
दोधणुसयवित्थिण्णं चउदारं जिणधणुसमुच्चं ॥९॥

તે ગઢની મધ્યે અઢીં ગાઉ ઉંચી અને બસો ધનુષ વિસ્તારવાળી મણિ પીઠીકા છે. તેનાં દ્વાર જિનેશ્વરનાં ધનુષ પ્રમાણ ઉંચા છે. ॥૯॥

सिंहासणाइं चउरो मणिपडिछन्नाइं तेसु चउरूवो ।
पुव्वमुहो ठाइ सयं छत्तत्तयभूसिओ भयवं ॥१०॥

મણિ જડેલા ચાર સિંહાસના ઉપર ચાર રૂપવાળા પૂર્વાભિમુખ ત્રણ છત્રથી શોભિત ભગવાન પોતે બેસે છે. ॥૧૦॥

समहिअजोअणपिहुलो तहा असोगो दुसोलसधणूच्चो ।
पडिबिंबत्तयपमुहं किच्चं तु कुणंति वंतरिआ ॥११॥

એક યોજનથી અધિક વિસ્તારવાળો બત્રીસ ધનુષ ઉંચો અશોક વૃક્ષ છે. અને વ્યંતરો ભગવાનનાં ત્રણ પ્રતિબિંબ કરે છે. ॥૧૧॥

परिसाअग्गे आइसु मुणिवर-वेमाणिणीओ समणीओ ।
भवण-वण-जोइदेवी देवा वेमाणिअ-नरित्थी ॥१२॥
जोअणसहस्सदंडो धम्मज्झओ कुडहिकेउसंकिन्नो ।
दो जक्ख चामरधरा जिणपुरओ धम्मचक्कं च ॥१३॥

પર્ષદાની આગળ પ્રથમ મુનિવર, વૈમાનિક દેવીઓ, સાધ્વીજી, ભવનપતિ, વ્યંતર જ્યોતિષની દેવી, દેવો, વૈમાનિક દેવો, પુરૂષ, સ્ત્રી, નાની પતાકા, ધજાથી યુક્ત એક હજાર યોજન દંડવાળો ધર્મધ્વજ, બે યક્ષ ચામરધારી અને ધર્મચક્ર જિનેશ્વરની આગળ હોય છે. ॥૧૨-૧૩॥

ऊसिअधय-मणितोरण-अडमंगल-पुण्णकलस-दामाइं ।
पंचालिअ-छत्ताइं पइदारं धूवघडिआओ ॥१४॥

ઉંચો ધ્વજ, મણિતોરણ અષ્ટમંગલ, પૂર્ણકળશ, માળા, પુતળીયો, છત્ર અને ધૂપઘટિકા દરેક દ્વાર પરહોય છે. ॥૧૪॥

हेम-सिअ-रत्त-सामलवण्ण सरवण य जोइ-भवणवई ।
पइदारं वसु वप्पे पुव्वाइसु ठंति पडिहारा ॥१५॥

સુવર્ણ-શ્વેત-લાલ-શામલ વર્ણવાળા વૈમાનિક, વ્યંતર, જ્યોતિષ, ભવનપતિ દરેક દ્વાર પર, રત્નનાં કિલલા પર પૂર્વાદિ પ્રતિહારો રહેલાં છે. ॥૧૫॥

जयविजयादिअ-अवराजिअ गोरारतकणयनीलाभा ।
देवी पुव्वकमेणं सकच्छरा ठंति कणयमए ॥१६॥

જય, વિજય, જયંત અને અપરાજિત અનુક્રમે ગૌર, લાલ, સુવર્ણ અને નીલવર્ણવાળી, દેવી વાદ્યયુક્ત અને કંદોરા વાળી પૂર્વક્રમ વડે સોનાનાં ગઢમાં રહે છે. ॥૧૬॥

जडमउडमंडिआ तह तुंबरु-खट्टंग-पुरिससिरिमाली ।
बहिवप्पदार दोसु वि पासेसुं ठंति पइवप्पं ॥१७॥

જટા-મુગુટથી મંડિત તુંબરુ-ખટ્વાંગ-પુરુષ, શ્રીમાળી બહારનં ગઢનં દ્વાર પર બંને બાજુ દરેક કિલ્લાની પાસે રહેલાં છે. ॥૧૭॥

बहिवप्पे जाणाइं बीए सत्तू वि मित्तभावगया ।
तिरिआ गणिमयछंदे इंसु पुण रयणवप्पबहिं ॥१८॥

બહારનાં કિલ્લા ઉપર વાહનો અને બીજા ગઢમાં શત્રુ પણ મિત્ર ભાવને પામેલાં તિર્યંચો બેસે છે. આ બધા રત્નગઢની બહાર મણિમય છંદમાં બેસે છે ॥૧૮॥

बहिवप्पदारमज्झे दो दो वावीओ हुंति वट्टम्मि ।
चउरंससमोसरणे इग इग वावी उ कोणेसुं ॥१९॥

બહારનાં ગઢની મધ્યે બે-બે ગોલ વાવડી રહેલી છે. અને સમચતુરસ્ત્ર સમવસરણમાં એક એક વાવડી ખૂણામાં રહેલી હોય છે. ॥૧૯॥

उक्किट्ठ सीहनायं कलयसद्देण सव्वओ सव्वं ।
तित्थयरपायमूले करिंति देवा निवयमाणा ॥२०॥

તીર્થંકરના ચરણ કમળમાં પડતાં એવા દેવો ઉકડુ આસનમાં બેસી કલકલ શબ્દથી સિંહનાદ કરે છે. ॥૨૦॥

चेइदुम-पीढछंदग-आसण-छत्तं च चामराओ अ ।
जं चण्णं करणिज्जं करंति तं वाणमंतरिआ ॥२१॥

ચૈત્યવૃક્ષ-પીઠછંદ-આસન-છત્ર-ચામર વગેરે જે પણ કરવા યોગ્ય છે તે વાણવ્યંતર કરે છે. ॥૨૧॥

साहारणओसरणे एवं जत्थिड्ढिमंतु ओसरइ ।
इक्कु चिअ तं सव्वं करेइ भयणाउ इअरेसिं ॥२२॥

આ પ્રમાણે સમવસરણમાં સાધારણ રીતે જાણવું અને જ્યાં ઋદ્ધિવંત દેવ આવે છે ત્યાં તે એકલો પણ સમવસરણ રચી શકે છે. બીજાઓની ભજનાથી ॥૨૨॥

सूरुदयपच्छिमाए ओगाहंतीइ पुव्वओ एइ ।
दोहिं पउमेहिं पाया मग्गेण य हुंति सत्तन्ने ॥२३॥

પૂર્વદિશાથી પશ્ચિમ દિશમાં અવગાહન કરતા બે-બે કમળો ભગવાનનાં ચરણ કમળમાં આવે છે. અને બીજા પણ સાત કમળો ભગવાનનાં માર્ગમાં આવે છે. ॥૨૩॥

**आदाहिणपुव्वमुहो तिदिसिं पडिरूवगाउ देवकया ।**
**जिट्ठगणी अन्नो वा दाहिणपुव्वे अ दूरंमि ॥२४॥**

દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર ત્રણે દિશામાં દેવતાએ કરેલાં ભગવાનનાં પ્રતિબિંબો હોય છે જ્યેષ્ઠ ગણધર અને બીજા દક્ષિણ પૂર્વ દિશામાં નજીક બેસે છે. ॥૨૪॥

**जे ते देवेहिं कया तिदिसिं पडिरूवगा जिणवरस्स ।**
**तेसिं पि तप्पभावा तयाणुरूवं हवइ रूपं ॥२५॥**

જિનેશ્વરનાં તે પ્રતિબિંબો ત્રણે દિશામાં દેવો પડે કરાયેલાં હોય છે. અને જિનેશ્વરનાં પ્રભાવથી તે પ્રતિબિંબો પણ જિનેશ્વર સરખાં રૂપવાળા હોય છે. ॥૨૫॥

**इतं महड्ढिअं पणिवयंति ठिअमवि वयंति पणमंता ।**
**न वि जंतणा न विकहा न परुप्परमच्छरो न भयं ॥२६॥**

ઉભા થયેલાં મહર્દ્ધિક દેવો નમસ્કાર કરે છે અને બેઠેલાં પણ પ્રણામ કરે છે. તેમને કષ્ટ, વિકથા, ભય અને પરસ્પર ઈર્ષ્યા ભાવ હોતોં નથી. ॥૨૬॥

**तेत्थपणामं काउं कहेइ साहारणेण सद्देण ।**
**सव्वेसिं सन्नीणं जोअणनीहारिणा भयवं ॥२७॥**

ભગવાન સાધારણ શબ્દ વડે તીર્થને પ્રણામ કરી યોજનગામી વાણીથી સંજ્ઞી જીવોને ઉપદેશ આપે છે. ॥૨૭॥

**जत्थ अपुव्वोसरणं अदिट्ठपुव्वं च जेण समणेणं ।**
**बारसहिं जोअणेहिं सो एइ अणागमो लहुआ ॥२८॥**

જે સાધુ વડે પહેલાં કયારેય સમવ સરણ દેખાયું નથી તે સાધુદ બાર યોજન દૂરથી પણ જલ્દી આવે છે. ॥૨૮॥

साहारणासवंते तदुवओगो अगाहगगिराए ।
नय निव्विज्जइ सोआ किढिवाणिअ-दासिहरणा ॥२९॥

ભગવાનની નીકળેલી વાણી તેમનાં કાનોમાં સાધારણ રૂપથી સંભળાઈ જાય છે. તો પણ તેમનાં કાન નિવૃત્ત નથી બનતાં ॥૨૯॥

सव्वाउअं पि सोआ झविज्ज जइ हु सययं जिणो कहइ ।
सीउह्ण-खुप्पिवासापरिस्समभए अविगणंतो ॥३०॥

શીત, ઉષ્ણ, ભૂખ, તરસ, પરિશ્રમ અને ભયની અવગણનાં કરતાં ભગવાન જે કહે છે તે સંપૂર્ણ આયુ સુધી સાંભળવાની ઈચ્છા રાખે છે. ॥૩૦॥

वित्तीओ सुवण्णस्सबारस अद्धं च सयसहस्साइं ।
तावइअं चिअकोडी पीईदाणं तु चक्किस्स ॥३१॥

સાડાબાર લાખ વૃત્તિદાન અને સાડાબાર કરોડ પ્રીતિદાન ચક્રવર્તીનું હોય છે. ॥૩૧॥

एअं चेव पमाणं नवरं रययं तु केसवा दिंति ।
मंडलिआण सहस्सा पीईदाणं सयसहस्सा ॥३२॥

એજ પ્રમાણે આટલા પ્રમાણવાળી ચાંદી વાસુદેવ દાનમાં આપે છે. અને મંડલીક રાજાઓ સાડાબાર હજાર જેટલું દાન આપે છે. ॥૩૨॥

भत्तिविभवाणुरूवं अन्नेवि य दिंति इब्भमाईआ ।
सोऊणं जिणागमणं निउत्तमणिओइएसुं वा ॥३३॥

બીજા પણ શેઠિયા આદિ ભક્તિ વૈભવનાં અનુરૂપ જિનેશ્વરનાં આગમને નિયુક્ત પુરૂષ દ્વારા સાંભળીને અથવા નહિ જોડેલાં પુરૂષને દાન આપે છે. ॥૩૩॥

रायावरायमच्चो तस्सासइ पवरजणवओ वावि ।
दुब्बलि खंडिअ बलि छडिअ तंदुलाणाढगं कलमा ॥३४॥
भाइअमुणाणिआणं अखंडफुडिआण फलगसरिआणं ।
कीरइ बली सुरावि अ तत्थेव छुभंति गंधाइ ॥३५॥

રાજા અને રાજાનો મંત્રી તેઓની ગેરહાજરીમાં શ્રેષ્ઠ દેશમાં કોઈ દુર્બલ અખંડિત પૂજા યોગ્ય આઢક પ્રમાણ શાલિ તોડ્યા વિના અખંડ ફળકની જેમ બલિમાં કરાય છે તે જ બલિમાં દેવતાઓ પણ ગંધાદિને નાંખે છે. ॥૩૪-૩૫॥

**बलिपविसण समकालं पुव्वद्दारेण ठाइ परिकहणा ।**
**तिगुणं पुरओ पाडण तस्सद्धं अवडिअं देवा ॥३६॥**
**अद्धद्धं अहिवइणो अवसेसं होइ पागयजणस्स ।**
**सव्वामयप्पसमणी कुप्पइ नण्णो य छम्मासा ॥३७॥**

પૂર્વદ્વારથી એક સાથે બલિપ્રવેશ કરાય છે. ત્રણ ગણાં આગળનાં દેવતાઓને અપાય છે. આ બલિ સર્વ રોગોને નાશ કરે છે. અને છ મહિના સુધી નવો રોગ થોત નથી. ॥૩૬-૩૭॥

**राओवणीसणीहासणोवविट्ठो व पायपीढंमि ।**
**जिट्ठो अन्नयरो वा गणहारि करेइ बीआए ॥३८॥**

રાજોપનીત સિંહાસન અને પાદપીઠ ઉપર બેસી મોટા ગણધર અથવા બીજા ગણધરો બીજા પ્રહરમાં દેશના આપે છે. ॥૩૮॥

**इअ समवसरणरयणाकप्पो सुत्ताणुसारओ लिहिओ ।**
**लेसुद्देसेण इमो जिणपहसूरिहिं पढियव्वो ॥३९॥**

આ સમવસરણ રચનાઓ કલ્પ, સૂત્રનાં અનુસારે સંક્ષેપ ઉદ્દેશથઈ જિનપ્રભસૂરિ વડે લખાયેલો છે. આને ભણવો જોઈએ. ॥૩૯॥

**॥ इति समवसरणरचनाकल्पः॥ ॥ ग्रं० ४३ ॥**

—વિવિધ તીર્થકલ્પ-મૂળ-અનુવાદમાંથી સાભાર.

# શ્રી સમવસરણનું સ્તવન.

## (દુહા)

શ્રીજિનશાસન સેહરો, જગગુરૂ પાસ જિણંદ;
પ્રણમે જેહના પયકમલ, આવી ચોસઠ ઈન્દ્ર. ૧

તીર્થંકર આવે તિહાં, ત્રિગડો કરે તૈયાર;
સમકિત કરણી સાચવે, એહ કહું અધિકાર. ૨

કરે પ્રશંશા સમકિતી, મિથ્યાત્વી હોવે મૂક;
સૂર્ય દેખી હરખે સહુ, પણ અંધારે ઘૂક. ૩

## ઢાળ ૧ લી.

શાંતિ જિન મુજ એક વિનતિ—એ રાગ.

આપ અરિહંત ભલે આવીઆ, ગાવે અપછરા ગંધર્વ રે;
સમવસરણ રચે સુરવરા, સંક્ષેપે તે કહું સર્વ રે. આપ૦૧
ભુવનપતિ વીશ ઈન્દ્ર મળ્યા, સોલહ વ્યંતર સાર રે;
જોઈશ દુદશ વેમાનિકા, ચોસઠ ઈન્દ્ર સુવિચાર રે. આપ૦૨
પવનસુર[1] રજ પરમારજે, ભૂમિ જોજન સમ ભાઉ રે;
મેઘકુમાર રચે મેઘને, કરીય સુગંધ છંટકાઉ રે. આપ૦૩
અગર કર્પૂર શુભ ધૂપણાજી, કરે શ્રી અગ્નિકુમાર રે;
વાણવ્યંતર હવે વેગશું, રયણમણિ પીઠિકા સાર રે આપ૦૪
પુષ્પપંચવરણ મુખે, વરસે એ જાનુ પ્રમાણ રે;
ભુવનપતિ દેવ ત્રિગડો ભલો, કરે તે સુણો સુજાણ રે. આપ૦૫

૧. વાયુકુમારના દેવો.

રચે ગઢ પ્રથમ રૂપા તણો, સોવન કાંગરા સાર રે;
રવિ શશી[1] રયણ કોશીસકોજી[2], કનકનો બીજો પ્રાકાર રે. આપ૦૬
રતનગઢ મણિ તણે કાંગરેજી, રચે વૈમાની સુરરાજ રે;
ભલો ત્રીજો ગઢ જોતરેજી, જીહાં બિરાજે જિનરાજ રે. આપ૦૭
ભીંત ઉંચી ધનુ પાંચશેંજી, સવા તેત્રીશ વિસ્તાર રે;
ધનુષ સયતેર ગઢ આંતરોજી, પોળ પચાસ ધનુ સાર રે. આપ૦૮
દશ પંચ પંચ ત્રિહું ગઢ તણીજી, પાવડી[3] વીશ હજાર રે;
થાક શ્રમ નહીં ચઢતાં થકાંજી, એક કર ઉચ્ચ વિસ્તાર રે. આપ૦૯
પાંચ ધનુ સહસ પૃથ્વીથકીજી, ઉચ્ચ રહે ત્રિગઢ આકાશ રે;
તેહ તલે સહુ યથાસ્થિત વસેજી, નગર આરામ આવાસ રે. આપ૦૧૦
તોરણ ત્રિહું ચિહું દિશ તીહાંજી, નીલમણિમય નિરમાણ રે;
દુસય ધનુ મધ્ય મણિપીઠિકાજી, ઉચ્ચ જિન દેહ પરમાણ રે. આપ૦૧૧
ચાર આસન તીહાં ચિહું દિશેજી, મોતીએ ઝાકઝમાલ રે;
સમ બીય[4] ખુણ ઈશાનમેંજી, દેવછંદો સુવિશાલ રે. આપ૦૧૨
દેવદંદુભિ નાદ ઉપદિશેજી, જિન ગુણ ગાવતી તેહ રે;
અહમ જીમ આવે શિર ઉપરેજી, ગાજતી તેહ ગુણ ગેહ રે. આપ૦૧૩

## ઢાળ ૨ જી

સફળ સંસારની- એ રાગ.

પૂરવ દિશી આસને, આવી બેસે પ્રભુ; સુરકૃત ચોમુખ રૂપ દેખે સહુ;
દીપે અશોકતરુ, બાર ગુણ દેહથી, દેખી હરખે સહુ મોર જેમ મેહથી. ૧
મોતીયાં જાળી ત્રણ-છત્ર સુવિશાલાએ; રૂપ ચિહું ચિહું દિશે, ચામર ઢાળએ,
જોજનગામિની, વાણી શ્રી જિનતણી; ભગવંત ઉપદિશે, બાર પરષદભણી. ૨
પ્રદક્ષિણા રૂપથી, અગ્નિ ખૂણે કરી; ગણધર સાધવી, તેમ વૈમાનિક સુરી,
જ્યોતિષી ભુવનની, વ્યંતરી સ્ત્રીપણે; નૈઋત્ય ખૂણ જિનવાણી ઉભી સુણે. ૩
ત્રિહું તણાપતિ, વાયવ્ય ખૂણ જાણીએ; સુરવૈમાનિક નર નારી ઈશાનએ;
બારહ પરષદા, મદ મત્સર છોડીને; ભુખ તૃષા વીસરે, સુણે કર જોડીને. ૪.
પુંઠે ભામંડલ, તેજ પ્રકાશએ; જોયણ સહસ ધ્વજ, ઉંચો આકાશએ;
જલહલે તેજ ધુમ, ચક્ર ગગને સહી; મહકે સહ બારણે ધૂપધાણા સહી. ૫.
વાહન વેલ સહુ, ધરીય પેલે ગઢ; હોઈ પગ ચારી, નર નારી ઉંચા ચઢે;
જિનતણી વાણી સુણી, જીવ તિર્યંચ એ; વૈર તજી બીચ ગઢે, રહે સુખ સંચ એ. ૬

૧. જ્યોતિષીના ઇંદ્રો વિગેરે. ૨ કાંગરાવાળો. ૩ પગથીઆ. ૪ બીજા ગઢમાં.

પુણ્યવંત પુરુષ તે, પરિષદ બારમેં; સુણે જિન વાણી, ધન્ય ગણે અવતારને,
ચઉવિહ દેવ જિનદેવ રસે; મણિમયી માંહેલી, પોળમાંહે વસે. ૭.
ચિહું દિશી વાટલી, વાવ ચઉ જાણીએ; વિદિશી ચોખુણ[૧], દોઈ દોઈ વખાણીએ;
આઠ જીહાં વાવડી, અમૃત જેમ એ; સ્નાન પાને વપુ, નિરમળ હેમ એ. ૮.
જયા વિજયા અજિયા અપરાજિયા; મધ્ય કંચન ગઢે, દેવી પેસંતીયા;
તુંબરુ, પુરુષ ખટંગ, અર્ચીમાળએ; રજતગઢ પોળના, એહ રખવાલ એ. ૯.
પહેલ ત્રિગડો નહુઅ, જીણપરગામ[૨] એ; દેવ મહર્ધિક, રચે તીણ ઠામ એ;
કરણ વારવાર નહીં, કારણ કોઈએ; આઠ પ્રતિહારજ, તે સહી હોય એ. ૧૦.
જિન સમવસરણની રિદ્ધિ દીઠી જિણે; તેહ ધન્ય ધન્ય, અવતાર પાયો તિણે;
પાસ અરદાસ સુણી, વંછિત પૂરજો; હવે મુજ તાહરો, શુદ્ધ દરિશન હોજો. ૧૧.

**કળશ**

ઈમ સમવસરણે રિદ્ધિ વરણે, સહુ જિનવર સારખી;
સદહે તે લહે શુદ્ધ સમકિત, પરમ જિન ધર્મ પારખી;
પ્રકરણ સિદ્ધાંતે ગુરુ પરંપર, સુણી સહુ અધિકાર એ,
સંસ્તવ્યો **પાસ જિનંદ પાઠક, ધર્મવર્ધન** ધાર એ. ૧૨.

**ઇતિ સમવસરણ સ્તવન**

## સમવસરણનું સ્તવન

ત્રિશલાનંદન વંદિયે રે, લહીએ આનંદ કંદ, મનોહર જીુમખડું;
જીુમખડાં જીુંબી રહ્યા રે; શ્રી વીરતણે દરબાર, મનોહર૦
સમવસરણે બિરાજતા રે, સેવિત સુરનર ઈંદ, મનો૦ ૧
મણિ રયણે ભૂતલ રચે રે, વ્યંતરના રાજન, મનો૦
આવી જોજન વૃષ્ટિ કરે રે, કુલ ભરે જાનુ માન, મનો૦ ૨
કનક કોશીશા રૂપા ગઢે રે, રચે ભુવનપતિ ઈશ, મનો૦
રતન[૩] કનકગઢ જોતિષી રે, મણિરતનને સુરઈશ[૪], મનો૦ ૩
ભીતિ[૫] પૃથુલ તેત્રીશ ધનુ રે, એક કર અંગુલ આઠ મનો૦
વચે તેરશે ધનુ આંતરું રે, ઉંચી પણસે[૬] ધનુ ઠાઠ, મનો૦ ૪

---

૧. ચોખંડા સમવસરણને

૨. જે નગર કે ગામે પહેલો ત્રિગડો થયો ન હોય ત્યાં. ૨ અહીં પહેલા ગઢના દ્વારપાળોના નામની ગાથા રહી ગઈ છે, મળી શકી નથી. ૩. રત્નના કાંગરા. ૪. વૈમાનિકાના સ્વામી. ૫. ગઢની ભીંતો. ૬. પાંચશે.

પાવડીઆરા[1] સહસ દશ રે, પંચ પંચ પરિમાણ, મનો૦
એક કર પીહુ ઉંચપણે રે, પ્રતર પચાસ ધનુમાન મનો૦ ૫
ચઉ બાર ત્રણ તોરણા રે, નીલ રતનમય રંગ, મનો૦
મજ્જે[2] મણિમય પીઠિકા રે, ભૂમિથી અઢી ગાઉ તુંગ, મનો૦ ૬
દીર્ઘ પૃથુલ બશેં ધનુ રે, જિનતનુમાને ઉંચ, મનો૦
ચૈત્ય સહિત અશોકતરુ રે, જિનથી બાર ગુણ ઉંચ, મનો૦ ૭
ચઉદિશે ચઉ સિંહાસને રે, આઠ ચામર છત્ર બાર, મનો૦
ધર્મચક્ર સ્ફાટિક રત્નનું રે, સહસ જોયણ ધ્વજ ચાર, મનો૦ ૮
દેવછંદો ઈશાન ખૂણે રે, પ્રભુ વિસામા ઠામ, મનો૦
ચઉ રૂપે દીએ દેશના રે, ભામંડલ અભિરામ, મનો૦ ૯
મુનિ વૈમાનિક સાધવી રે, રહે અગ્નિખુણ મોજાર, મનો૦
જ્યોતિષી ભુવનપતિ વ્યંતરા રે, નૈરૂત્યખુણે તસ નારી, મનો૦ ૧૦
વાયુ ખુણે એ દેવતા રે, સુણે જિનવરની વાણી, મનો૦
વૈમાનિક શ્રાવક શ્રાવિકા રે, રહે ઈશાન ખુણે સુજાણ, મનો૦ ૧૧
ચઉ દેવી અને સાધવી રે, ઉભી સુણે ઉપદેશ, મનો૦
તિર્યંચ સહુ બીજે ગઢે રે, ત્રીજે વાહન વિશેષ. મનો૦ ૧૨
વૃત્તાકારે ચઉ વાવડી રે, ચઉરંસે આઠ વાવ, મનો૦
પ્રથમ પંદરશેં ધનુ આંતરું રે, બીજે સહસ ધનુ ભાવ, મનો૦ ૧૩
રયણ ભીંત ગઢ આંતરું રે, વૃત્તે ધનુ શત છવ્વીશ, મનો૦
ચઉરંસે ત્રણ સહસનું રે[3], ઈમ શાખ દીયે જગદીશ, મનો૦ ૧૪
તુંબરુ પમુહ તીહાં પોળીયા રે, ધુપઘટી ઠામ ઠામ, મનો૦
દ્વારે મંગલધ્વજ પુતલી રે, દુંદુભી વાજે તામ, મનો૦ ૧૫
દિવ્યધ્વનિ સમજે સહુ રે, મીઠી યોજન વિસ્તાર, મનો૦
સુણતાં સમતા સહુ જીવને રે, નહિ વિરોધ લગાર, મનો૦ ૧૬
ચઉતીશ અતિશય વિરાજતા રે, દોષરહિત ભગવંત, મનો૦
**શ્રી જસવિજય** ગુરૂ શિષ્યને રે, જિનપદ સેવા ખંત, મનો૦ ૧૭

ઈતિ સમવસરણ સ્તવન

---

૧. પગથીઆ, ૨. મધ્યમાં, ૩. ચોરસમાં પણ ૨૬૦૦ ધનુષ્ય કહેલ છે.

## પરિશિષ્ટ-૧ ૨૪ પ્રભુના સમવસરણનું પ્રમાણ

| ભગવંત ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સમવસરણ માન. ગાઉ. | ૪૮ | ૪૬ | ૪૪ | ૪૨ | ૪૦ | ૩૮ | ૩૬ | ૩૪ | ૩૨ | ૩૦ | ૨૮ | ૨૬ |

| ભગવંત ક્રમ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સમવસરણ માન. ગાઉ. | ૨૪ | ૨૨ | ૨૦ | ૧૮ | ૧૬ | ૧૪ | ૧૨ | ૧૦ | ૮ | ૬ | ૫ | ૪ |

## પરિશિષ્ટ-૨ સમવસરણનો સ્થિતિકાળ

| કોણે બનાવેલ | જ્યોતિષેન્દ્ર | સૌધર્મેન્દ્ર | ઈશાનેદ્રિ | સનત્કુમારેન્દ્ર | માહેન્દ્ર | બ્રહ્મેન્દ્ર | અચ્યુતેન્દ્ર |
|---|---|---|---|---|---|---|---|
| સમય ટકે-રહે | ૧૫ દિવસ | ૮ દિવસ | ૧૫ દિવસ | ૧ માસ | ૨ માસ | ૪ માસ | ૧૦ દિવસ |


## પરિશિષ્ટ-3 સમવસરણ પુષ્પવૃષ્ટિ

જે કોઈ સમવસરણે દેવના વિકુર્વ્યા ફૂલ કરે સે તો અચિત્ત છે. અને સમવાયાંગના પાઠે સચિત્ત ફૂલ છે. પણ દેવતાને સામર્થ્યે વેદના થતી નથી તથા કદાપિ થાય તો પણ સાધુને પ્રાણાતિપાતકીક્રિયા ન લાગે તથા જિનભક્તે હિંસાનો બંધ ન થાય એમ જાણવું તથા સમવસરણમધ્યે ફૂલની વૃષ્ટિ થાય છે. તે સચિત્ત ફૂલની છે. એમ ઉપા. યશોવિજય મ. જે પ્રતિમાશતકમાં કહ્યું છે.

વિચારરત્નસાર પ્રશ્ન-૩૯ શ્રીમદ્દેવચંદ પેજ-૬૩૭

# પરિશિષ્ટ - ૪

## બાર પર્ષદા સ્વરૂપ




નોંધ : પ્રથમ પર્ષદા ઉત્કટુક આસને, બીજી-ત્રીજી ઊભા રહીને, બાકીની નવ બેસીને દેશના સાંભળે

# પરિશિષ્ટ - ૫

## ૨૪ પ્રભુના ચૈત્યવૃક્ષોનું નામ અને તેનું માન

| પ્રભુ ક્રમાંક | વૃક્ષનું નામ | વૃક્ષમાન |
|---|---|---|
| ૧. | ન્યોગ્રધ | ૩ ગાઉ |
| ૨. | સપ્તવર્ણ | ૨ ગાઉ-૧૪૦૦ધનુષ |
| ૩. | શાલ | ૨ ગાઉ-૮૦૦ ધનુષ |
| ૪. | પ્રિયંક | ૨ ગાઉ-૨૦૦ ધનુષ |
| ૫. | પ્રિયંગુ | ૧ ગાઉ-૧૬૦૦ ધનુષ |
| ૬. | છત્રાધ | ૧ ગાઉ-૧૦૦૦ ધનુષ |
| ૭. | સરિસ | ૧ ગાઉ-૪૦૦ ધનુષ |
| ૮. | નાગવૃક્ષ | ૧૮૦૦ ધનુષ |
| ૯. | માલિક | ૧૨૦૦ ધનુષ |
| ૧૦. | પીલક્ષુ | ૧૦૮૦ ધનુષ |
| ૧૧. | તિંદુક | ૯૬૦ ધનુષ |
| ૧૨. | પાડલ | ૮૪૦ ધનુષ |

| પ્રભુ ક્રમાંક | વૃક્ષનું નામ | વૃક્ષમાન |
|---|---|---|
| ૧૩. | જંબૂ | ૭૨૦ ધનુષ |
| ૧૪. | અશ્વત્થ | ૬૦૦ ધનુષ |
| ૧૫. | દધિપર્ણ | ૫૪૦ ધનુષ |
| ૧૬. | નંદીવૃક્ષ | ૪૮૦ ધનુષ |
| ૧૭. | તિલક | ૪૨૦ ધનુષ |
| ૧૮. | અંબવૃક્ષ | ૩૬૦ ધનુષ |
| ૧૯. | અશોક | ૩૦૦ ધનુષ |
| ૨૦ | ચંપક | ૨૪૦ ધનુષ |
| ૨૧. | બકુલ | ૧૮૦ ધનુષ |
| ૨૨. | વેતસ | ૧૨૦ ધનુષ |
| ૨૩. | ધવ | ૨૭ ધનુષ |
| ૨૪. | સાલ | ૩૨ ધનુષ |
| | | (૨૧+૧૧=૩૨) |

# પરિશિષ્ટ - ૬

## ૩૬૩ પાખંડીઓ

| | |
|---|---|
| **(૧) ક્રિયાવાદી** | જીવાદિ નવ તત્વો સ્વ-પર ભેદથી વિચારતા =૧૮ થાય. નિત્ય-અનિત્યથી વિચારતા ૩૬ થાય. તેને કાળ-નિયતિ-સ્વભાવ-ઈશ્વર અને આત્મા એ પાંચથી વિચારતા = ૧૮૦ થાય. |
| **(૨) અક્રિયાવાદી** | પુણ્ય-પાપ વિના સાત તત્વોને સ્વ-પરથી વિચારતા ૧૪ થાય તેને કાળ-નિયતિ-સ્વભાવ-ઈશ્વર-આત્મા-યદૃચ્છા એ છથી વિચારતાં ૮૪ ભેદ, આત્માનું નાસ્તિત્વ માનનારા. |
| **(૩) અજ્ઞાનવાદી** | નવતત્વને સત્, અસત્, સદસત્, અવકતવ્ય, સદવકતવ્ય, અસદ્વકતવ્ય, સદસદવકતવ્ય, આ સાતથી વિચારતાં ૬૩ થાય, ૬૪-દશમો પદાર્થ "ભાવોત્પત્તિ" તેને સત્ વિગેરે સાત વિકલ્પોથી કોણ જાણે છે? અથવા જાણવાથી શું ? તેવો સાત વિકલ્પનો ભાવોત્પતિ પછી પદાર્થના અવયવની અપેક્ષાવાળા છે. પણ અહિં ઘટતા ન હોવાથી બતાવેલ નથી એમ ૬૭ ભેદ, આત્માના અસ્તિત્વનો અસ્વીકાર નહિ કરવા છતાં જીવાદિ ૧૦ પદાર્થોને કોણ જાણે છે? અથવા જાણવાથી પણ શું ? એવી માન્યતાવાળા |
| **(૪) વિનયવાદી** | સુર, નૃપ, યતિ, જ્ઞાતી, સ્થવિર, અનુકંપનીય, માતા, પિતા, આ આઠનો મન-વચન-કાયાથી દાનથી વિનય કરવાથી=૩૨ ભેદ થાય. આત્માના અસ્તિત્વનો અસ્વીકાર નહિ કરવા છતાં વિનય વિના બીજું કોઈ સાધન મુક્તિનું નથી એવી માન્યતાવાળા. |

*-સૂયગડાંગસૂત્ર, અ-૧૨.*

**[૧૮૦+૮૪+૬૭+૩૨=૩૬૩]**

# પરિશિષ્ટ - ૭ અન્ય ગ્રંથ નિર્દેશ

(૧) લોક પ્રકાશ - કાળલોક - સર્ગ - ૩૦ શ્લોક - ૫૩૦ થી ૯૭૮

(૨) પ્રવચન સારોદ્ધાર ગાથા - ૪૪૦ વૃતિમાં

(૩) પંચાશક સૂત્ર - દ્વિતીયપંચાશક - ગા. ૬૨ થી ૭૨

(૪) વિશેષાવશ્યક ભાષ્ય - ગા. ૫૪૨ થી ૫૯૨

(૫) આવશ્યક નિર્યુક્તિ હારિભદ્રીયા વૃત્તિ - ગા. ૫૪૩ થી ૫૬૪

(૬) આવશ્યક નિર્યુક્તિ મલયગીરીયા વૃત્તિ - ગા. ૫૪૩ થી ૫૬૪

(૭) આવશ્યક નિર્યુક્તિ ચૂર્ણિ - ગા. ૫૪૩ થી ૫૬૪

(૮) બૃહદ્કલ્પ સૂત્ર - ભાષ્ય ગા. ૧૧૭૬ થી ૧૧૯૪

(૯) સેન પ્રશ્ન - ઉલ્લાસ-૨, પ્રશ્ન-૫૯ / ઉલ્લાસ-૩, પ્રશ્ન-૨૬, ૧૭૬, ૧૮૧.

(૧૦) ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર મહાકાવ્ય

| પર્વ | સર્ગ | શ્લોક |
|---|---|---|
| ૧ | ૩ | ૪૨૩ થી ૪૭૯ |
| ૨ | ૩ | ૩૫૫ થી ૩૮૨ |
| ૩ | ૧ | ૩૨૦ થી ૩૪૦ |
| ૩ | ૨ | ૧૨૪ થી ૧૨૮ |
| ૩ | ૩ | ૨૧૪ થી ૨૧૭ |
| ૩ | ૪ | ૬૬ થી ૭૦ |
| ૩ | ૫ | ૭૫ થી ૮૨ |
| ૩ | ૬ | ૭૫ થી ૭૯ |
| ૩ | ૭ | ૬૬ થી ૬૯ |
| ૩ | ૮ | ૭૬ થી૭૯ |
| ૪ | ૧ | ૭૮૯ થી ૮૧૧ |
| ૪ | ૨ | ૨૯૧ થી ૨૯૪ |

| પર્વ | સર્ગ | શ્લોક |
|---|---|---|
| ૪ | ૩ | ૧૮૩ થી ૧૮૬ |
| ૪ | ૪ | ૨૦૫ થી ૨૦૮ |
| ૪ | ૫ | ૨૦૨ થી ૨૦૫ |
| ૫ | ૫ | ૨૯૫ થી ૩૦૫ |
| ૬ | ૧ | ૮૩ થી૮૮ |
| ૬ | ૨ | ૬૨ થી ૬૫ |
| ૬ | ૬ | ૨૧૨ થી ૨૧૫ |
| ૬ | ૭ | ૧૬૦ થી ૧૬૨ |
| ૭ | ૯ | ૨૭૮ થી ૨૮૨ |
| ૮ | ૩ | ૨૯૯ થી ૩૦૪ |
| ૯ | ૫ | ૯ થી ૨૪ |

(૧૧) અભિધાન રાજેન્દ્ર કોષ ભા. ૭ પેજ નં. ૪૬૬ થી ૪૮૧
(समोसरण - समवसरणं = શબ્દનો પરિચય જોવો.)
(૧૨) સુમતિનાથ ચરિત્ર (सुमइनाह चरियं) પેજ નં. ૨૩૫ થી ૨૩૯
[પુસ્તક] શ્લોક નંબર : ૧૫૦૮ થી ૧૫૫૧
પ્રકાશક : પ્રાકૃત ગ્રંથ પરિષદ
(૧૩) શાંતિનાથ ચરિત્રમ્-પદ્ય- શ્રીમુનિભદ્રસૂરિ
સર્ગ-૧૫, શ્લોક : ૨૨ થી ૭૮, પેજ નં. ૧૦૯ થી ૧૨૨
પ્રકાશક : શ્રી નેમિદર્શનશાળા-પાલીતાણા
(૧૪) પાસનાહ ચરિયં પેજ નં. ૨૦૨ તથા ૪૦૫
(પંચમ પ્રસ્તાવ) (પ્રત) પ્રકાશક : મણીવિજયગ્રંથમાળા
(૧૫) પાર્શ્વનાથ ચરિત્ર - પદ્ય શ્રીભાવદેવસૂરિજી- સર્ગ- ૬
પેજ નં. ૨૭૯ થી ૨૮૧ શ્લોક : ૨૨૨ થી ૨૪૨
પ્રકાશક : ભદ્રંકર પ્રકાશન
(૧૬) પાર્શ્વનાથ ચરિત્ર પદ્ય શ્રી હેમવિજયગણિ
સર્ગ-૫, શ્લોક : ૩૪૮ થી ૩૫૬, પેજ નં. ૧૫૩
પ્રકાશક : મુનિશ્રી મોહનલાલજી જૈન ગ્રન્થમાળા
(૧૭) પાર્શ્વનાથ ચરિત્ર પદ્ય- પં. પદ્મસુંદર ગણી-
સર્ગ-૬, શ્લોકઃ ૭૧ થી ૮૪ પેજ નં. ૧૧૦ થી ૧૧૩
પ્રકાશક : લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
(૧૮.) મહાવીર ચરિયં પેજ નં. ૧૦ શ્લોક નં. ૩૨ થી ૩૭
પેજ નં. ૨૫૧-૨૫૨ / શ્લોક નં. ૧ થી ૧૬ પ્રસ્તાવ-૮)
(પ્રત) પ્રકાશક : દેવચન્દ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર-સૂરત
(૧૯) સૂયગડાંગ સૂત્ર અધ્યયન - બારમું.
(૨૦) સ્તુતિ ચતુર્વિંશતિકા-શોભનમુનિકૃત શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ
ત્રીજી પેજ નં. ૨૯૧ થી ૩૦૦ બહુજ વિસ્તારથી વર્ણન છે.
પ્રકાશક - આગમોદય સમિતિ વિ. સં. ૧૯૮૨
(૨૧) પ્રતિમા શતક - પૂ. ઉપા. યશો વિ. મ.સા.

ઈત્યાદી અનેક ગ્રંથોમાં સમવસરણને લગતી વિગતો દર્શાવી છે.

# પૂ. આ.ભ.શ્રી ધર્મઘોષસૂરિજી મ.સા.

આ. શ્રી દેવેન્દ્રસૂરિની પાટે ૧. આ. શ્રી વિદ્યાનંદસૂરિ અને ૨ આ. શ્રી ધર્મઘોષસૂરિ એમ બે આચાર્યો થયા હતા.

વરદેવપલ્લીવાલના વંશજો નાગોરથી પાલનપુર થઈ વિજાપુરમાં આવી વસ્યા. તેઓ વરહુડિયા તરીકે પ્રસિદ્ધ થયા.

સં. શેઠ જિનચંદ્ર વરહુડિયા અને શેઠાણી ચાહિણીને ૧ સં. દેવચંદ્ર ૨ નાગધર, ૩ મહીધર, ૪ વીરધવલ અને ૫ ભીમદેવ એમ પાંચ પુત્રો હતા તથા ધાહિણી નામે પુત્રી હતી. તે પૈકીના વીરધવલનું લગ્ન હતું. વિવાહનો માંડવો સજાયો હતો. આ અરસામાં આ. શ્રી દેવેન્દ્રસૂરિ વગેરે વિજાપુરમાં પધાર્યા. તેમના ઉપદેશમાં સંસારની અસારતા, ધર્મની વફાદારી અને વૈરાગ્યનો અસ્ખલિત પ્રવાહ વહેતો હતો વીરધવલને ગુરુદેવના ઉપદેશની અસર થઈ. તેણે વિવાહનો વિચાર માંડી વાળી, દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. નાનો ભાઈ ભીમદેવ પણ પોતાના ભાઈની સાથે દીક્ષા લેવા તૈયાર થયો. બન્ને ભાઈઓનો દીક્ષાનો વરઘોડો ચડ્યો. આ. દેવેન્દ્રસૂરિએ સં. ૧૩૦૨માં, તેજ વિવાહ મંડપમાં, વીરધવલ અને ભીમદેવને દીક્ષા આપી અને તેઓના નામ મુનિ શ્રી વિદ્યાનંદ અને મુનિશ્રી ધર્મકીર્તિ રાખ્યાં.

આ. શ્રી દેવેન્દ્રસૂરિએ સં. ૧૩૦૪માં પાલનપુરમાં મુનિ વિદ્યાનંદ અને મુનિ ધર્મકીર્તિને પંન્યાસપદ આપ્યું હતું.

પાલનપુર સંઘે આ રૂઢી પ્રમાણે મુનિ વિદ્યાનંદ અને મુનિ ધર્મકીર્તિને આચાર્ય વગેરે પદવીઓ અપાતી હોય, ત્યારે પાલનપુરના સંઘને તેનો લાભ મળે એવો આગ્રહ કર્યો હશે.

આ. શ્રી દેવેન્દ્રસૂરિએ રચેલી 'કર્મગ્રંથ-ટીકા'નો પ્રથમ આદર્શ વિદ્યાનંદગણિએ લખ્યો તથા મહો. હેમકલશ અને પં. ધર્મકીર્તિએ તેનું સંશોધન કર્યું.

**આચાર્ય-ઉપાધ્યાય** : આ. શ્રી દેવેન્દ્રસૂરિએ સં. ૧૩૨૩માં પાલનપુરના પ્રહ્લાદન પાર્શ્વનાથના જિનપ્રસાદના ઉપાશ્રયમાં પં. ધર્મકીર્તિને ઉપાધ્યાયપદ આપ્યું. આ પ્રસંગે પદવીના મંડપમાં કેસરનો વરસાદ થયો. એ જોઈ સૌ ખુશી થયા અને સૌએ આ ઘટનાને તેમના યુગપ્રધાન બનવાની એંધાણી માની લીધી.

બે આચાર્યો (પૂ. દેવેન્દ્રસૂરિ પૂ. વિદ્યાનંદસૂરિ મ.)ના લગભગ ૧૫ દિવસના આંતરે થયેલા સ્વર્ગવાસથી શ્રીસંઘ ભારે મૂંઝવણ અનુભવવા લાગ્યો. છેવટે સૌએ ઉ. ધર્મકીર્તિને યોગ્ય જાણી ગચ્છનાયક બનાવવાનો નિર્ણય કર્યો.

વડગચ્છના સગોત્રી આચાર્યો તથા વૃદ્ધપોષાળના આ. ક્ષેમકીર્તિસૂરિએ સમયસૂચકતા વાપરી, ગુરુદેવના સ્વર્ગગમન પછી છ મહિનામાં એટલે સં. ૧૩૨૮માં વિજાપુરમાં ઉપા. ધર્મકીર્તિને આચાર્યપદવી આપી, આ. શ્રી ધર્મઘોષસૂરિ નામ રાખી, આ. શ્રી દેવેન્દ્રસૂરિની પાટે સ્થાપન કર્યા. એ પછી આ. શ્રી ધર્મઘોષસૂરિ તપાગચ્છના નાયક બન્યા. તેઓ વિદ્વાન, ચમત્કારી સિદ્ધપુરુષ અને પ્રભાવક યુગપ્રધાન આચાર્ય હતા.

**પ્રતિષ્ઠા-સંઘયાત્રા** - આ.શ્રીધર્મઘોષસૂરિ પાસે વિજાપુરમાં શ્રાવક પેથડે પરિગ્રહ પરિમાણ વ્રત લીધું હતું. તે વિજાપુરથી માંડવગઢ આવ્યો. ગુરુકૃપાથી ધીમે ધીમે તે ધનવાન બન્યો. તેણે આ. શ્રી ધર્મઘોષસૂરિને મોટા ઉત્સવથી માંડવગઢમાં પ્રવેશ કરાવી ચોમાસું કરાવ્યું. આ.શ્રી ધર્મઘોષસૂરિની અધ્યક્ષમાં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ પણ તેણે કાઢ્યો.

**ચમત્કાર**-આ. શ્રી ધર્મઘોષસૂરિએ ગિરનારની યાત્રા કરીને સંસ્કૃતમાં ગિરનાર તીર્થકલ્પ (શ્લોક ૩૨) બનાવ્યો. પ્રભાસપાટણના સમુદ્ર કિનારે ઊભા રહી, તેની વિનંતિથી **'મંત્રમય સમુદ્રસ્તોત્ર'** બનાવ્યું. એ સમયે તરત જ સમુદ્રમાં એકદમ મોટી ભરતી આવી અને તેમાંથી રત્નો ઊછળીને બહાર આવ્યાં. આચાર્યશ્રીના ચરણ પાસે રત્નોનો મોટો ઢગલો થઈ ગયો. સૌ ચમત્કાર પામ્યા.

આચાર્યશ્રીના મંત્રધ્યાનથી સૌરાષ્ટ્ર પાટણમાં શ્રી શત્રુંજયનો જૂનો કપર્દીયક્ષ પ્રગટ થયો. તે સમકિતી બની, જિનપ્રતિમાનો અધિષ્ઠાયક બન્યો. એક દિવસ કોઈ દુષ્ટ સ્ત્રીએ સાધુઓને વડાં વહોરાવ્યાં. આચાર્યશ્રીએ તેને મંત્રવાળાં જાણી બહાર પરઠવ્યાં; અને તે વડાં સવારમાં પથ્થર બની ગયાં. આચાર્યશ્રીએ તે દુષ્ટ સ્ત્રીને પાટલા ઉપર બેસાડી થંભાવી દીધી; અને પછી કરુણાથી તેને છોડી દીધી.

એકવાર બીજા પક્ષપાળાની સ્રીઓએ વિજાપુરમાં આચાર્યશ્રીના વ્યાખ્યાનની મધુરતા જોઈ ઈર્ષા આવતા સ્વરભંગ કરવા કામણ કર્યું. આચાર્યશ્રીએ તેઓને પણ પાટલા ઉપર થંભાવી, છોડી દીધી. તે સ્ત્રીઓએ ત્યારે વચન આપ્યું કે, "હવે આજથી તમારા ગચ્છને અમે ઉપદ્રવ કરીશું નહીં."

સાધુઓ એક યોગીના ડરથી ઉજ્જૈનમાં રહેતા ન હતા. આચાર્યશ્રી સપરિવાર ઉજ્જૈન પધાર્યા. યોગીએ સાધુઓને કટાક્ષમાં કહ્યું : "તમે હવે સ્થિર બની રહેજો." સાધુંઓએ કહ્યું : "રહ્યા છીએ જ; તું શું કરીશ?" આ સાંભળી યોગીએ દાંત દેખાડ્યા, સાધુઓએ તેને કોણી બતાવી. ઉપાશ્રયે આવીને સાધુઓએ આ વાત આચાર્યશ્રીને કરી. યોગીએ મંત્રબળથી સાધુઓની પોષાળમાં ઉંદર મોકલ્યા. આચાર્યશ્રીએ એક ઘડાનું મોં કપડાંથી ઢાંક્યું અને જાપ શરૂ કર્યો. યોગી તો રાડ પાડતો ઉપાશ્રયમાં આવ્યો અને આચાર્યશ્રીના પગમાં પડ્યો.

સાધુઓ ગોધરાના ઉપાશ્રયમાં રાત રહે તો ઉપાશ્રયના દરવાજાને મંત્રજાપથી બંધ કરતા હતા. એકવાર સાધુઓ મંત્રજાપ કરવો ભૂલી ગયા. એટલે શાકિનીઓ રાતે આવીને આચાર્યશ્રીની પાટ ઉઠાવી ગઈ, આચાર્યશ્રીએ તે શાકિનીઓને થંભાવી દીધી. શાકિનીઓ પાસે જ્યારે, "હવે પછી તમારા ગચ્છને હેરાન કરીશું નહીં" એવું વચન લીધું, ત્યારે જ તેઓને છોડી દીધી..

બ્રહ્મમંડળમાં એક દિવસ આચાર્યશ્રીને સાપ કરડ્યો અને ઝેર ચડવા માંડ્યું. આખો સંઘ ખૂબ ગભરાઈ ગયો. સૌ ઉપાય શોધવા લાગ્યા. આચાર્યશ્રીએ સંઘને સાંત્વન આપતાં જણાવ્યું કે, "સવારે નગરના પૂર્વ-દિશાના દરવાજે કઠિયારો લાકડાની ભારી લાવશે. તેમાંથી વિષહરિણી વેલ મળી આવશે. તેને સૂંઠ વગેરે સાથે ઘસી ડંખ ઉપર લગાવજો." સંઘે તે

પ્રમાણે કરવાથી આચાર્યશ્રીને આરામ થયો. આચાર્યશ્રીએ ત્યારથી **જિંદગીપર્યંત છ વિગઈનો ત્યાગ કર્યો.** આચાર્યશ્રી હંમેશા માત્ર જારનો આહાર લેતા હતા.

**કાવ્યકળા-** એક દિવસે એક મંત્રીએ આઠ યમકવાળું કાવ્ય બોલીને આચાર્યશ્રીને જણાવ્યું કે, "હવે આવાં કાવ્ય કરનાર કોઈ રહ્યા નથી." આચાર્યશ્રીએ જણાવ્યું કે, "કોઈ નથી, એમ બોલવું ઠીક નથી." મંત્રીએ કહ્યું : "એવો કોઈ ઉપાય બતાવો." આથી આચાર્યશ્રીએ એક જ રાતમાં આઠ યમકવાળી 'જય વૃષભ.' પદથી શરૂ થતી સ્તુતિઓ બનાવી, ભીંત ઉપર લખી દીધી. મંત્રી તો આ કાવ્ય વાંચીને ચકિત થઈ ગયો; અને આચાર્યશ્રીના ઉપદેશથી પ્રતિબોધ પામ્યો.

આચાર્યશ્રીએ સં. ૧૩૩૨માં પોતાના શિષ્ય સોમપ્રભને આચાર્યપદ આપ્યું. આચાર્યશ્રીએ તેમને બાર (અગ્યાર) અંગોનું જ્ઞાન આપ્યું હતું. તે ઉપરાંત તેમની યોગ્યતા જાણીને મંત્રમોથી પણ આપી; પરંતુ આ. સોમપ્રભસૂરિએ હાથજોડી વિનંતી કરી કે, **"ગુરુકૃપા છે તેમાં જ બધુંય છે. એટલે કાં તો ચારિત્રની આરાધના આપો, કાં તો આ મંત્રપોથી આપો." આચાર્યશ્રી તેમને ત્યાગ-વૈરાગ્યમાં રંગાયેલા મુમુક્ષુ સમજી અને બીજો કોઈ શિષ્ય આ મંત્રપોથી માટે યોગ્ય ન લાગવાથી એ મંત્રપોથીને જલશરણ કરી દીધી.**

**ગ્રંથો-** આચાર્યશ્રી ધર્મઘોષસૂરિએ સંઘાચારભાષ્યવિવરણ, સુઅધમ્મસ્તવ, કાયસ્થિતિપ્રકરણસ્તવાવચૂરિકા, દુસ્સમકાલસમણસંઘથયં (ગા.૨૬) સાવચૂરિક, ચતુર્વિંશતિજિનપૂર્વભવસ્તવ (ગા.૨૪), સ્રતાશર્મસ્તોત્ર (શ્લો.૮), દેવેન્દ્રસ્તોત્ર, યૂયં. સ્તુતિ, જયવૃષભ. અષ્ટ યમકસ્તુતિ (શ્લો.૮) અવચૂરિસહિત, શ્રાદ્ધજીતકલ્પ (ગા.૧૮૨), મંત્રગર્ભિત પાર્શ્વનાથ સ્તોત્ર (શ્લો. ૧૩), લોકાન્તિક દેવલોક જિનસ્તવન (ગા. ૧૬) અવચૂરિસહિત, યોનિસ્તવ (ગા. ૧૩), સત્તુંજય મહાતિત્થકપ્પ (ગા. ૩૯), અષ્ટપદતીર્થકલ્પ (શ્લો.૨૫), ગિરનારતીર્થકલ્પ ૨૮), લોકનાલકિા (શ્લો.૩૨), યુગપ્રધાનસ્તોત્ર પ્રાકૃત (ગા.૨૪), ઋષિમંડલ સ્તોત્ર (ગા.૧૦૯), પરિગ્રહપ્રમાણ (ગા.૩૯), ભાવિચતુર્વિંશતિ જિનસ્તવન

(શ્લો.૧૪), પાર્શ્વનાથસ્તવન (ગા. ૯), પાર્શ્વનાથતીર્થસ્તોત્ર (શ્લો. ૧૧), પૂર્વાર્ધસંસ્કૃત-ઉત્તરાર્ધપ્રાકૃતભાષામય સ્તવન (શ્લો.૯), ભવત્રયસ્તવ (ગા.૨૪), પાંત્રીશ ગુણયુક્ત જિનવાણી સ્તવન (ગા.૧૬), જીવવિચારસ્તવ (ગા.૪૦) યમકમય વર્તમાન ચતુર્વિંશતિજિનસ્તવન (શ્લો. ૩૯) સમવસરણ સ્તવ. (ગા.૨૪) વગેરે કૃતિઓ રચી હતી.

આ. ધર્મઘોષસૂરિના ઉપદેશથી દિયાણાના શ્રીસંઘે સં. ૧૩૪૯ માહ સુદિ ૧૩ના રોજ ગ્રંથભંડારની સ્થાપના કરી અને તેમાં ઘણા ગ્રંથો લખાવીને મૂક્યા, આચાર્યશ્રીના ઉપદેશથી મેવાડના સોનગરા શ્રીમાલી મંત્રી સીમંધરના કુટુંબે ગ્રંથો લખાવ્યા.

આ. ધર્મઘોષસૂરિ, સં. ૧૩૫૭માં સ્વર્ગે ગયા.

**આ. શ્રીધર્મઘોષસૂરિવરો -**

આ નામના ઘણા આચાર્યો થયા હતા, તે આ પ્રમાણે-

૧. નાગેન્દ્રગચ્છના આચાર્ય - સં. ૧૩૪
૨. વિદ્યાધરકુળના જાલિહરગચ્છના આચાર્ય - સં. ૧૦૮૮
૩. ચંદ્રકુળના પૂર્ણિમાગચ્છના આચાર્ય - સં. ૧૧૫૯.
૪. ચંદ્રકુળના રાજગચ્છના આચાર્ય - સં. ૧૧૯૧.
૫. ચંદ્રકુળના અંચલગચ્છના આચાર્ય - સં. ૧૨૩૪-૧૨૬૮.
૬. ચંદ્રકુળના આગમિકગચ્છના આચાર્ય - સં. ૧૨૫૦.
૭. ચંદ્રકુળના તપાગચ્છના આચાર્ય - સં. ૧૩૨૮-૧૩૫૭.
૮. ચંદ્રકુળના મડાહડગચ્છના આચાર્ય - સં. ૧૩૫૦
૯. ચંદ્રકુળના પિપ્પલકગચ્છના આચાર્ય - સં. ૧૪૮૩.

**- જૈન પરંપરાનો ઇતિહાસ ભા. ૩ માંથી સાભાર**

તેમનામાં સચોટ વ્યાખ્યાનશૈલી ઉપરાંત ચમત્કારિક શક્તિ પણ હતી. આ ઉપરાંત નૈમિત્તિકજ્ઞાન પણ સારું હતું. પેથડશામંત્રીએ જ્યારે પરિગ્રહપરિમાણ વ્રત સ્વીકારવાની આકાંક્ષા જણાવી, ત્યારે પોતાના જ્યોતિષજ્ઞાનના બળે ભવિષ્યમાં તે અતીવ ઋદ્ધિસંપન્ન થનાર છે એમ જાણીને તે વખતે તેને તે વ્રત સ્વીકારતાં અટકાવ્યો હતો. બાદ ધીમે ધીમે ગુરુના

કથન મુજબ પેથડને અત્યંત સમૃદ્ધિ પ્રાપ્ત થઈ. ગુરુના ઉપદેશથી તેણે ચોરાશી જિનમંદિરો કરાવ્યા અને સાતજ્ઞાનભંડારો બનાવરાવ્યા. આ ઉપરાંત તેના દ્વારા બીજા પણ ધાર્મિક કાર્યો કરાવ્યા હતા. આ.શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશની પેથડ પર એટલી સરસ અસર થઈ હતી કે બત્રીશ વર્ષની યુવાનવયે તેણે બ્રહ્મચર્ય વ્રત (ચતુર્થ વ્રત) અંગીકાર કર્યું હતું.

તેમજ તે દેવપત્તનમાં જ પોતાના ધ્યાન પ્રભાવથી પ્રગટ થયેલા નવીન કપર્દી યક્ષદ્વારા વજસ્વામીના માહાત્મ્યથી શત્રુંજય પર્વત પરથી દૂર કરાયેલા અને મિથ્યાત્વને વધારતા જૂના કપર્દી પક્ષને પ્રતિબોધ પમાડીને-સમજાવીને શ્રી જિનેશ્વર ભગવંતના બિંબનો અધિષ્ઠાયક બનાવ્યો હતો.

એકદા કોઈ એક મંત્રીએ અષ્ટયમકવાળું કાવ્ય બોલીને ગુરુને કહ્યું કે-"હમણાં આવી જાતનું કાવ્ય કરવાને કોઈ શક્તિમાન નથી." ગુરુમહારાજે જણાવ્યું કે-"નથી એમ નહિ." ત્યારે તે મંત્રીએ કહ્યું કે-" તેવા કવિને બતાવો." એટલે તેમણે જણાવ્યું કે-"બતાવીશ." ત્યારબાદ અષ્ટયમકવાળી જયવૃષભ. નામની સ્તુતિ પોતે જ એક રાત્રિમાં બનાવીને ભીંત પર લખેલી મંત્રીને બતાવી. આથી તે મંત્રી આશ્ચર્ય પામ્યો ને પ્રતિબોધિત થયો. તે શ્રી ધર્મઘોષસૂરિ વિ. સં. ૧૩૫૭માં સ્વર્ગે સીધાવ્યા.

**-તપાગચ્છ પટ્ટાવલીમાંથી સાભાર**

नित्यं हेतूपपत्तिप्रतिहतकुमतप्रोद्धतध्वान्तबन्धा-
ऽपापायाऽऽसाद्यमानाऽमदन ! तव सुधासारहृद्या हितानि ।
वाणी निर्वाणमार्गप्रणयिपरिगता तीर्थनाथ ! क्रियान् मे-
ऽपापायासाद्यमानामदनत ! वसुधासार ! हृद्याहितानि ।।४७ ।।

—स्रग्धरा

**જિન-વાણીનું સ્વરૂપ :** "મદન-રહિત (વીતરાગ) ! હે તીર્થંકર ! ગયેલાં છે. પાપ, પ્રયત્ન ઈત્યાદિ જેમનાં એવા [અથવા તિલાંજલિ આપી છે. પાપારમ્ભોને જેમણે એવા] તેમજ નાશ કર્યો છે માન અને મદનો જેમણે એવા (જીવો) વડે વન્દિત (તીર્થં-પતિ) ! હે પૃથ્વીને વિષે સારભૂત (તીથ-રાજ) ! સર્વદા હેતુઓ અને યુક્તિઓ વડે [અથવા (વસ્તુ સિદ્ધ કરનારા) લિંગોની યુક્તિઓ વડે] નિરાકરણ કર્યું છે કુદર્શનરૂપી અત્યન્ત ઉગ્ર અંધકારનાબંધનું જેણે એવી, વળી દૂર કર્યો છે ક્લેશ જેણે એવી તેમજ (તને) પ્રાપ્ત થયેલી (અર્થાત્ તારો આશ્રય લીધેલી) એવી (અથવા નષ્ટ થયો છે ક્લેશ જેનો એવા (જીવો) એ પ્રાપ્ત કરેલી (અર્થાત્ શ્રવણ-ગોચર થયેલી) એવી, તથા અમૃતની વેગવતી વૃષ્ટિના જેવી મનોહર એવી તેમજ વળી (સમ્યગ્-જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ) મુક્તિ-માર્ગના અનુરાગીઓએ અંગીકાર કરેલી એવી (હે જિનેશ્વર!) તારી વાણી મારા હૃદયમાં સ્થાપન કરેલાં મારા હિતને મારાં મનોવાંછિતોને સદા પૂર્ણ કરો." —૪૭ ।।૩।।

*—સ્તુતિચતુર્વિંશતિકા. શ્રીવાસુપૂજ્ય સ્વામી સ્તુતિ*

